૬૦૫૬

પરીચ્છેદ.

પ્રથમ ભાગ

ઉત્તમ પુરુષોત્તમ દેસાઈ.

પારસીના પ્રેસ. મુંબઈ.

પરીચેહેર.

લખનાર

રૂસતમ ખુરશેદ ઇરાની.

કરાંચી.

કેંપમાં વીકટોર્યા પ્રેસમાં છપાઇ છે.

૧૮૯૫.

દીબાચો.

આ વાર્તા એક મળી આવેલી હાથની લખેલી ફારસી કેતાબમાંથી ...રાની સંસારને લાગુ પાડી ચોપડીના આકારમાં બહાર પાડી છે. આ કોશેશ મારી પહેલીજ છે માટે તેમાં કાંઇ ખામી માલમ પડે તો વાંચક તે દરગુજર કરશે એવી આશા રાખું છું.

એક બાપની એકપુરી લાડકી બેટી **પરીચેહેર** પોતાના પ્યારા ખાતર પોતાના પેદરના કેહેરમાં કેટલી હદ સુધી આવી પડે છે, અને પોતાની નેમ બર લાવતાં, નડતાં અનેક વીપતી, વખતો કેવી હીમત અને સહનતાથી બેતર સુધી સહન કરી એક અબળા ... છતાં હીમત હારી ન બાતાં હીમતમાં એક મરદને હઠાવે ... હીમતથી પોતાનું પતીવ્રતાપણું જાળવી રાખી, અને પોતાની ઉમેદની ડાળીપર ધીરજનાં મીઠાં ફળ લાવી, ફતેહની ફીરોઝી ખાણુમાં કેવી હીમતથી ઝોકાવે છે તેનો આબેહુબ વાંચવા લાયક ચીતાર આ ચોપડીમાં ચીતાર્યો છે.

સેવટે આ ચોપડી બહાર પાડતાં જે અતી અગત્યની અનેક કીમતી મદદો મને **મી. માણેકજી નસરવાનજી ધાલા** તરફથી મળી છે તે માટે તે ગ્રહસ્થનો ઉપકાર માનવાની આ તક હાથ ધરી મારો નાનો દીબાચો ખતમ કરૂં છું.

સાંકળયું.

પરીચેહેર.

પ્રકરણ ૧ લું.

શેકારગાહ.

લાવ સાકી રંગીન એક શરાબની જામ
કે પરીચેહેરનો કીસ્સો હું કરવા તમામ
ઝોકાઉં મારી કલમને કાગજને મેદાન
વળી લેહેજત ને ઝહેમકથી કરૂં આબાદાન.

ઈરાન! પારસીઓના વડવાઓનું જાહોજલાલી ભરેલું પુરાતન મથક, દુન્યામાં સરદારી ભોગવી ગયલા બાદશાહોનું પ્રખ્યાત રહેઠાણ, રૂસતમ જેવા જોરેમંદ જેહાં પહે-(જેની દેહેસ્તથી તમામ આલમ ધ્રુજતી હતી) તેની જનમ જેની ધ્વજ આકાશ પર ઉડતી હતી, તું જેના તાબામાં હીંદુ-

સ્થાન, ચીન, માહાચીન, તુર્કસ્તાન વગેરે પોતાનાં સર નમાવતાં હતાં, તુ જેની આબોહવા બેહેસ્તના બાગનો ખ્યાલ આપતી હતી, જેને માટે દરએક પારસી મગરૂરીથી માન લેતો, તે આજે પારકાઓના હાથમાં ગયું છે. તારાં રળીયામણાં ખેતરો, નદી અને નાલાંઓ, પહાડો અને ખીણો જયાં પહેલવાને બેધડક સોહા રાત્રીએ પોતાના ઘોડા દપટાવતા હતા તે સઘળાં આજે વેરાન દીસે છે. ઉત્તમ કારીગીરીથી બનેલા ગંજાવર કીલ્લા મેહેલો, મીનારાઓ આજે બીસમાર હાલતમાં હોવા છતાં, છવાયા રાહદારીઓને એક વખતની આખી દુન્યામાં ભોગવી ગયલી પારસી કોમની આગળી જાહોજલાલીનું આપે છે. તારી ઉત્તમ ખુબીઓનો પુરતો ખ્યાલ આપવા નાકેશ કલમ અશકત હોવાથી મારો કીસ્સો શરૂ કરૂં છું.

ઇરાન શર જમીનનાં ઇસફહાન મુલકમાં બેહેમન નામે શેહેનશાહ રાજ કરતો હતો. જે દલેરી, બહાદુરી તથા ઇ. માટે ઘણો વખણાતો હતો. તે પાદશાહનાં ગંજાવર લશ્કરનો એક નવજવાન, બહાદુર, કદાવર, તથા ખુબસુરતીમાં એવો જે માહ અને ખોરશેદ તેને જોઇને ગોયા શરમથી પોતાનું છુપાવતાં હતાં. તે નવજવાન એક દીવસ પાદશાહની રજા શીકારગાહમાં રવાને થયો. ત્યાં તેને ઘણાંએક હરણોનાં

ટોળાં ચરતાં જોયાં. તે જવાન સરદાર પોતાનાં તીર કમાનને ચીલો ચઢાવીને તેઓને મારવાને વીચાર કરતો હતો, પણ એટલામાં તેની હેબતથી સઘળાં હરણો પહાડોપર નાસવાં લાગાં. આ બનાવ ઇ તેને તેઓનો દુમબાલો પકડવા પોતાના ઘોડાને તેઓની પછવાડે દપટાવ્યો. પણ તેમાં તે ફાવ્યો નહી. કારણ બપોર સુધી તે એક પણ હરણને પકડી શકયો નહી. તે બીયાબાંન જંગલમાં ભુલો પડયો અને સીધો રસ્તો તેને સુઝ પડયો નહી. થાક, ખ, અને પ્યાસથી તે ઘેલા જેવો બની આમથી તેમ ભટકવા ગો. અંતે તેની ઉમેદની ડાળીને ફળ આવ્યાં અને તેને દુરથી કડી ઉપર તંબુ જોયો. તે તંબુનો દેખાવ કોઇ બાદશાહી નામની ગવાહી આપતો હતો, ટુંકમાં તેની ખુબસુરતી એટલી હતી જે તેની તારીફ કરી શકાય નહી. તે તંબુને જોઇને ફીરોઝ જે આપણી વાર્તાના નાયકનું નામ છે તેને બીનદેહશતે પોતાના ઘોડાને તે તરફ ફેરવ્યો.

તે તંબુમાની દાસીઓની ઉપરીએ તે સ્વારને દુરથી આવતો જોઇને દોડી જઇને પોતાની બાનુ જેનું નામ પરીચેહેર હતું તેને ખ આપી કે "આપણા તંબુ તરફ એક નવજવાન સ્વાર ધસ્યો અગર જો તે અહીં આવશે તો અમે તેને શું ક પરીચેહેરે પોતાની દાસીને કહ્યું. "અગર જો એ

તો તેને પાછો જવાને ફરમાવજો." તેવામાં ફીરોઝ તે તંબુ આગળ આવી પહોંચ્યો, અને એક જામ પાણીની માંગણી કરી. દાસીએ તેને કહ્યું કે "ઓ! જવાન અહીંથી પાછો ફર. અગર જો વધારે વાર અહીં ઉભો રહેશે તો તું નાહક પસ્તાસે." પાણીની પ્યાસથી ફીરોઝનું ગળું સુકાઇ જતુ હતું અને તે કાલાવાલા કરવા લાગો. "અય ઓરત! અગરજો હું એઅદબમાંથી ચાલું તો તમોને મારૂં સર તનથી દુર કરવું લાજમ છે. હું એક ભુલો પડેલો મુસાફર છું અને ઘણો પ્યાસો છું. મારી ખાહેશ એક જામ પાણીની છે. અ અગરજો તે નહી આપવાની તમારી મરજી હોય તો તરસે હોઠે હું પા ફરૂં. પણ મને મારો રસ્તો ખબર નથી અને તેટલાં જંગલ મારો જાન પાણીની પ્યાસે નીકળી જશે."

એટલી બધી વિનંતી કરતો જોઇને દાસીએ ખુશી સાથ એક ગલીચો તંબુની બહાર બીછાવ્યો, અને તેને ત્યાં બેસવા કહી એ વાતથી પોતાની બાનુંને વાકેફ કરી, જેણીએ તે જવાન મુસાફર માટે એક રબતનું પ્યાલું મોકલ્યું તે શરબત પી રહીને ફીરોઝે તેઓના હકમાં ક દુઆ ગુજારી. દાસીને તંબુમાં કામે રોકાયલી જોઇ તે તંબુની ચેહેરે જરા ડોકયું કરી ફીરોઝપર નજર ટેકવી, જેની ફીરોઝ હેરત થયો. અને કહ્યું "ઓ! બાનું ટે મારા જાન સીવાય મારી પાસે કાંઇ તો

ોજ નથી." પરીચેહેર આ .રવેસના સખુનો તેની જબાનથી ભળી અને તેના ખીલના ખુબસુરત ગુલાબ જેવા ચેહેરાને જોઇને જબ થઇ. તે બાનુ મનમાં બોલી. " એ નવજવાન મરદ મારો દીલ-:હ થવાને લાયક છે. એવી ગોઠવણ કરવી જોઇએ કે એ વધુ વખત રી આગળ રહે." એવામાં દાસી જે ઘણીજ વેહેમી હતી તેની ૪ર બાનુપર પડી અને તે સમજી ગઇ જે તેની બાનું આ પારકા મરદના ાકમાં ગીરફતાર થયલી છે. તેથી તરતજ તેને પોતાની બાનુને કહ્યું " ખબરદાર તુ પારકા મરદ સાથે કોઇ પણ રીતની છુટ લેવાનું .કુફ કર." જ્યારે પરીચેહરે પોતાની દાસીને મોઢેથી એવું ાંભળ્યું ત્યારે તે પસેમાન થઇ પાછી તંબુમાં દાખલ થઇ.

ફીરોઝ પોતાના ઘોડાને પાણી પીવડાવી અને સ્વાર થયો, ાને કુનસ બજાવીને રવાના થવા ચાહ્યું. તે બાનુએ જ્યારે તેને જતાં જોયો ત્યારે તેના દીલમાં આતશના શોળાઓ ઉડવા લાગા. પોતાની દાસીની છુપીથી તેણી તે મરદની આગળ ગઇ અને હસતો મુખડો કરી પોતાના ફુલની કળી જેવા દાંતો દેખાડતી બોલી, " ઓ જવાન, આફ-ાબની ગરમીમાં તને જવું સજાવાર નથી. જ્યારે આફતાબ ાસ્ત પામશે અને ઠંડી હવા ફુંકશે ત્યારે તું અહીંથી રવાને જે." જ્યારે ફીરોઝે આ વાત સાંભળી ત્યારે તેને ખુશી સાથ પાછો ાચે ઉતરીને અદબથી પરીચેહેરની માગણી કબુલ કીધી. પરીચેહરે તેને

પાસેના એક નાના પણ ઘણી સફાઇથી આરાસ્તા કાધેલા તખુમ ઉતારો આપ્યો. તેની બુઢી વહેમી દાસી આ મામલો જોઇ ઘણ કદા થઇ અને પરીચેહરને કેટલીક ધમકી આપી. આ દાસી પરીચેહેરપર ઘણી ધાક હતી કારણ નાનપણથીજ તે તેને હા ઉછરી હતી, અને વળી તે દાસી પરીચેહેરના બાપની ઘણી માનીતી હતી

પરીચેહેરના અમબર જેવા જુલફા, ગુલાબ જેવા સુરખ ગાલ અને તેણીનું સરોવર માફક સીધુ કદ જોઇને ફીરોઝ અચરત થતે હતો. તેનાં જીગરમાં પરીચેહેરના પ્યારના શોલા ઉડવા લાગ્યા તે મનમાંને મનમાં મુંઝાયા કરતો હતો પણ પોતાના મનની માગણી પરીચેહેર આગળ રજુ કરવાની હીમત કરતો ન હતો તેજ માફક પરીચેહેર પણ તેને ભીતરના પ્યારથી ચાહતાં શીખી હતી; બને એક બીજાનો પ્યાર હાથ કરવા પામ્યાં. પણ તે પ્યાર મુગો હતો. તે પ્યારનો ઉભરો બહાર કાઢવાની તેઓમાંથી કોઇ હીમત કરતુ ન હતું.

પ્રકરણ ૨ જું.

પવીત્ર પ્યાર.

કોણથી તે બુઝાય પ્યારની અગન
કોણથીજ ટળે કુલ વીપતી, વઘન
જ્યાં પ્રાણી માત્રપર મલકલ તે છે
કુલ ગની ને ગદાનો સરદાર છે!

હવે પેલી બુઢી પરીચેહેરની પુઠે લાગી અને પોતાથી તેને જરા પણ વીલી મુકતી ન હતી. વળી તેને પરીચેહેરને એવી પણ ધમકી આપી હતી કે જો ફીરોઝ સાથે તેણી વધારે છુટ લેશે તો તે સઘળો અસબાબ ઉડાવી ત્યાંથી કુચ કરી જશે.

જ્યારે ફીરોઝે જોયું જે પરીચેહેર તેની દાસીના જુલમથી તેની હજુર આવી શકતી ન હતી ત્યારે તે દલગીર ચેહેરે મન સાથ બોલવા લાગો.

"અય નાજનીન તું ખોરશેદની મીસાલે એક વખત રોશની આપીને તરતજ ગુમ થઇ ગઇ, અને એક વખત અંધારી રાતને ઉજાસ આપીને પાછું ઉજાસને અંધારામાં ફેરવી નાખ્યું-

માટે અય નાજનીન તું ફરીથી બહાર આવ અને એક વખત રાતને ઉજાસ આપ. તું ફરોથી એક વખત બહાર આવ, ... મારાં ખુશબોદાર ફુલોનો વાસ લેઉં. ઓ પરીચેહેર તને તારૂં છાજતું છે. તું ખુબસુરતીમાં ગોયા એક પરીજ છે."

ફીરોઝને બેચેન રહેવાનું ઘણોવાર સરજેલુ ન હતું, કારણ ચેહેર પોતાની બુઢ્યા દાસીની નજર ચોરાવી ફીરોઝના ત... આવી અને હસ્તે મુખડે બોલી.

"અય નવજવાન તું કયા મુલકનો વતની છે અને તાંરૂં ... શું છે? તેનું તું મારી આગળ બ્યાન કર."

ફીરોઝ તેણીને મોઢેથી એવું સાંભળીને તરતજ પો... અહેવાલ બ્યાન કરવા લાગો. "હું ઇરાન સરજમીનના શાહેન... બેહેમનના તમામ લશ્કરોનો સરદાર છું. અને પાદશાહનો ત... ગંજ અને ખજાનો મારા હાથમાં છે. દર માસે હું શાહ... ખજાનામાંથી સર્વેને દરમાયા ચુકવી આપુંછું. મારૂં નામ ફીરોઝ ... અને ઇસફહાન મુલકમાં મારૂં રહેઠાણ છે. વળી હું ત્યાંનો એ... મોટો શાએર છું. એક દીવસ મારા સઘળા ગમોને બરતર... કરવાને માટે હું શીકારગાહમાં આવ્યો. ત્યાં મેં હરણોનાં ટોળે ટોળાં જોયાં. તેઓની પછવાડે મેં મારા ઘોડાને દપટાવ્યો. ત્ય... સુધી કે હું અંતે આ પહાડપર આવી લાગો. એટલામાં તમા...

હરણો મારી નજર આગળથી ગુમ થયાં, અને હું એકલો આ પહાડપર રહયો. ભુખ અને તરસથી હેવાનો બની હું આમ તેમ જોવા લાગો, એટલામાં મારી નજર આં તંબુપર પડી. હું જબાનપર યઝદાંનું નામ લઇને તમારી તરફ આવ્યો, અને એક જામ પાણીની ખાહેશ રાખી. પણ તમારી મેહેરબાનીનો મીઠાસ ચાખ્યા પછી હું હજી જાણુતો નથી જે સ્વપનામાં બોલું છું યા બીદાર છું? હું જાણુતો નથી જે આખર મારા નસીબમાં શું છે? ઓ જાનું! મેં મારો અહેવાલ અવલથી તે આખર સુધી કહયો છે. હવે તું પણ તારા અહેવાલથી મને વાકેફ કર. કે તું કોણના ખાનદાનની છે? તથા તું કયા મુલકની રહેવાશી છે? ઓ! પરી તું મારી આગળ તારૂં મુબારક નામ આશકારા કર, અને મને કહે કે તું કોણની નેક બુનીઆદ ધરાવે છે?"

પરીચેહેરે ફીરોઝની જબાનથી આ કીસમના સખુનો સાંભળીને કહ્યું. 'અય દીલાવર, જે માફક તેં તારૂં બયાન મારી આગળ કરીને મને તારી સઘળી હકીકતથી વાકેફ કરીછ તેજ માફક હું પણ મારો સઘળો અહેવાલ તને કહુંછ. મારો પેદર અસફંદીયાર નામ ધરે છે, અને મારા મુલકમાં તેના જેવો હુશીયાર મરદ કોઇજ નથી. તે યમાન શેહેરનો હાકેમ છે. હું તેની એક પુરી બેટી છું અને પરીચેહેર નામ ધરાઉં છું. દર સાલે પાનખર રૂતુમાં હું મારા

સાહેલીઓ તથા ગુલામો સાથે એક માસ તલક આ પહાડપર હવા ફેરબદલ કરવા આવી રહુંછું, અને મારા દીલનો સઘળો ગમ દુર કરી જાઉંછું. અય જવાન! મેં મારી સઘળી હકીકત ટુંકમાં તારી આગળ રાસ્તીથી કહી છે"

હજી તો પરીચેહેર આગળ બોલવા જતી હતી પણ તેટલામાં બુઢી દાસી ફફડતી ચટકતી ત્યાં આવી લાગી.

"અય બેગાના મરદ, અગર તું રાતે અહીં રહેશે તો ખતા પામશે. તું હવે તારા ઘોડાપર સ્વાર થઇને તારે રસ્તે કુચ કરી જા.'

ફીરોઝ દાસીથી આ સખુન સાંભળીને ઘણો ગમગીન થયો. તે જોઇને પરીચેહેર વચમાં બોલી. "તું આવી અંધારી રાતે આવાં બીહામણાં જંગલમાંથી કેવી રીતે તારાં મકાનપર જશે? આજ રાતે તું અમારી મહેમાનીમાં રહેજે, અને જયારે સહવાર થશે ત્યારે સહીસલામત રવાના થજે. અય દાસી ફરીથી મારા મહેમાનને એવા નાલાયક સખુનો ઓચરવાની હીમત કરતી ના"

તે વહેમમાં મરી રહેલી બુઢી દાસી વધારે ફફડી પડી. "ઓ બેઅદબ દુકતી. તું મારૂં કહેવું મંજુર રાખતી નથી. હું જાણુંછ કે તું આ બેગાના મરદસાથે મોહબતના ફાંદામાં ફસીછ, પણ હું તે મુગે મોહોડે જોતી નથી.

હું તારા બાપની આગળ સઘળી ફરીયાદ કરશ." એમ બોલતાં દાસી પરીચેહેરને પાસેના તંબુમાં લઇ ગઇ અને ફીરોઝ પાછો વીલાપ કરતો એકલો બેઠો.

"ઓ ખુદા, હું કેવો કમનસીબ છું. આવી માહતાબને મુખડેની ચેહેરવંત નાર સાથે વાતચીત કરતાં પણ તે બુઢ્યા ઓરત ખલલ કરેછ. ઓ પરીચેહેર. તું એક બેહેસ્તના બાગની પરી છે. તારી ખુબસુરતીએ મારી આંખો આંજી નાખી છે, અને મારૂં જીગર તારી જુદાઇના જખમથી ચાક ચાક થાય છે. મારી ઉંઘ, ભુખ અને સુખ સર્વે તું તારી સાથે લઇ ગઇછ. મારા દીલમાં એક જાતનું દરદ છે. જેની દવા હું જાણતો નથી જે કેવી રીતે કરૂં. હું એવું ધારૂંછ જે આજ રાતે આ કોહપર મારી જીંદગી આખરી પામશે. ઓ ચેરાગ શા માટે તું બળે છે? શા માટે તું તારા દીલમાં આતશના શોળાઓ ઉઠાવે છે? શું તારૂં દીલ પણ મારી માફક લુટાયું છે? તું પણ આજ રાતે મારી માફક બળીને આખર થશે? ઓ ચેરાગ! તું પણ તેની તરફ વફાદાર છે. તું પણ તારાં જીગરથી પરીચેહેરની કદર બુઝે છે. તું પણ મારી માફક તેને જાન ફીદા કરવાને ચાહે છે. તેના અંબર જેવા જુલફો તેના શીરીન સખુનો, સુરખ ગુલાબી ગાલો, સફેદ દુધ જેવા દાંતો, તથા તેનો માહતાબને ચેહરેનો મુખડો ફરીથી જોવાને આરજુ રાખે છે? ઓ

ચેરાગ તું પણ મારી માફક નબળો પડી ગયો છે, અને વળી તેં ખાધું પીધું નથી. તું પણ દેવાનો બની તેણીના ઇશકમાં ગીરફતાર થયલો છે. તેણીની ખબરથી આપણને કોણ વાકેફ કરશે? ખરેખર આપણ બેઉ જણ આજ રાતે ઇશકના ગમથી બળીને તમામ થઇ જઇશું."

ફીરોઝ તમામ રાત આ રવેસે જારી કરતો હતો. અને એક ઘેલા માણસની માફક રડન કરતો હતો. તેના ગમથી ગોયા શેર અને ચિત્તાના દીલ ફાટી જતાં હતાં આણીગમ પરીચેહેરે પણ ફીરોઝની માફક તે આખી રાત કોરા ઉજાગરાની કાઢી ફીરોઝના પ્યારે તેનાં જીગરમાં ઉંડી જડ ઘાલી હતી. પ્યારની દવા કોઇ કાબેલ હકીમ પણ કરી શકતો નથી. પ્યારની આગ પાણીના ધોધથી કદી બુઝાતી નથી. જ્યારે સઘળી ગુલામડીઓ ભર ઉંઘમાં પડેલી હતી ત્યારે બુઢી દાસી અવારનવાર સજાગરૂજ રહેતી હતી. પરીચેહેરની ચાલપર તેને મજબુત શક ગયો હતો. અને આખી રાતના ઉજાગરાથી સહવારે ઉંઘે તે બુઢયાપર સખ્ત ગલબો કીધો અને તેને પોતાની જાલમાં તુરત ફસાવી.

પ્રકરણ ૩ જું.

દાસીનો ઘભરાટ.

દીઠાં જ્યારે બનેને પ્યારમાં ચકચુર
પમાસ્યું તે દાસીએ કે હાકેમ હજુર
શું દઈશ જવાબ? તે રૂઠસે મુજપર
જે છે પોતે ખસલતે ખરો ઠાકદર.

જયારે પૃથ્વીનો પીતા સુર્ય રાતની સીહાઇને દુર કરી પોતાનાં તેજસ્વી કીરણો આસપાસ પાંથરતો બહાર આવી પોતાના તમામ દબદબા સાથે બાદશાહી તખ્તપર બીરાજમાન થયો ત્યારે પરીચેહેર દાસીના ખાબનો લાભ લઇ ઉઠી અને હાથ મોહ ધોઇ ફીરોઝના તંબુમાં જવા તૈયાર થઇ. ફીરોઝને પોતાની યાદગારી માટે ભેટ આપવા તેને પોતાની સંદુકમાંથી કેટલાંક કીમતો ગહવેરો લીધાં અને તેની સનમુખ મીઠા શબ્દોમાં નજર કીધાં. ફીરોઝનું હૈયું પરીચેહેરને પોતાની પાસે આવી ઉભેલી જોઇને હરખના ઉછાળા મારતું હતું. પરીચેહેર તેની થોડે દુર એક ગાલીચાપર બેઠી. ફીરોઝ બે કદમ આગળ પડ્યો અને ઘણીજ

નરમાસથી પરીચેહેરનો નાજુક હાથ પોતાના હાથમાં લઇ બોલવા લાગો. પરીચેહેરે પોતાનો હાથ તેના હાથમાંથી છીનવી લેવાની મુદલ કોશેશ કરી નહી બલકે તે તો તેમાં પોતાને વધારે સુખી સમજતી હતી.

"બાનું પરીચેહેર તારી ભેટ હું મારી સરો ચશ્મપર કબુલું છું; જે દહાડેથી મેં તારાં ખુબસુરત દીદાર દીઠાં છે તે દહાડેથી હું તારા પ્યારમાં દેવાનો બન્યોછ. તારાં સુખ વગર મને દીવસની ભુખ ને રાતનો ઉંઘ નથી. મારૂં દીલ તારી પાસે છે જ્યારે મારી પાસે મારાં તંનનું ખાલી ખોખુંજ રહ્યું છે. પરીચેહેર તું એક બેહેસ્તના બાગની પરી છે. તારી જુદાઇનો કારી જખમ મારૂં કાલજુ ભીતરથી વીંધી નાખશે. મારૂં બદન બળીને ભશમ થાયછ. મારૂં જીગર તારા ગમના આતશથી જલી જાયછ. તું મને કબુલ કર. ઓ નાજનીન તું મને તારા બુલબુલ જેવા મધુર અવાજથી તારી પાસે બોલાવ. તારી મેહેરબાની વગર મારી ઉમેદનાં દરખતની ડાળીઓ સુકાઇ જાયછ. તારા પવીત્ર પ્યારનો ઝરો મારી તરફ વહેતો કર અને મારી ઉમેદની ડાળીઓને તરોતાજગી બક્ષી તે પર મીઠાં ફળ લાવ. મારાં જીગર, તારેથી હવે છુટા પડવાની મારામાં તાકાત નથી. અગર કોઇ મને આતશની ચાહમાં નાખીને બાળી નાખશે તો પણ તે આતશના સોલા તારો દુમબાલો પકડશે.

તુ મારો પવીત્ર પ્યાર કબુલ કર. તું મારી મોહોરદાર થવાને મને વચન આપ ને મારી સાથે ઇસફહાન શેહેર આવ જ્યાં તને દરએક કીસમનું બાદશાહી સુખ આપવાને હું મારી ફરજ સમજીશ. તારી આપેલી ભેટો હું મારી સરો ચશમપર કબુલું છું અને તેના બદલામાં, ઓ મારી વહાલી તને આ મારી નજીવી ભેટ કબુલ કરવી પડશે.” એમ બોલતાં ફીરોઝે પોતાની આંગળીએથી એક બેમુલા હીરાની વીટી ખેંચી કાઢી અને પરીચેહેરની નાજુક આંગળીએ પોતાને હાથે સેરવી દીધી.

પરીચેહેરના ગોલાબી રોખસારપર લાલી ફરી વળી. પ્યારના જુસ્સાથી તેનું જીગર ઉછાળા મારવા લાગું, અને તે ધીમે સાદે નીચી નજરે બોલી.

“ફીરોઝ, મારા પ્યારા, હું તને ખરાં જીગરથી ચાહુંછ. હું સદાની તારી થવાને ખુશી છું; પણ જયારે મારી બુઢી દાસી એ વાત જાણશે ત્યારે તે પોતાનો જાન પટકી નાખશે. તે મારા પેદર આગળ ફરીયાદ કરશે ને મારો પેદર એવો હઠીલો અને ઝનુની છે કે જે બોલ તેના મોંહમાંથી એકવાર નીકળેછ તે પર તે અમલ કર્યા વગર હરગેઝ રહેતો નથી; અને વળી આ દાસી મારા પેદરની ઘણીજ માનીતી છે. માટે બેહેતર તો એજ કે એ મારી દાસીને આપણે સમજાવીને હાથ

કરીશું. હમણાં તો તે ખાબમાં પડેલી છે માટે તે બીદાર થશે કે હું તેને સમજાવીશ. ફીરોઝ, મારી આંખોના નુર, તને જોતાં બારજ કુદરતી રીતે મારૂં દીલ તારીપર દોડયું હતું. માફ કરજે વહાલા, હવે હું જાઉંછ. મને આવ્યાને ઘણો વખત થયોછ અને કદાચ મારી બુઢી દાસી જાગૃત થઇ હશે." એમ બોલતાં પરી-ચેહેર ઉઠી ઉભી થઇ. તેને જોઇ ફીરોઝ પણ ઉઠયો અને તેનો હાથ પકડી તેના રસ્તામાં આડો ઉભો રહી તેને આગળ ચાલતી અટકાવી બોલ્યો.

"મારાં જીગર, તારી તરફના મારા પવીત્ર પ્યારની યાદમાં તારા ગોલાબી રૂખસારપર મારાં ચુંબનનો છાપ મારવા દે." એક પળ, અને તેઓ એક બીજાના હાથમાં વીટલાયાં, બીજી પળ, અને ફીરોઝે પોતાના ગરમ હોઠો પરીચેહેરના નરમ ગાલોપર ટેકવ્યા, ત્રીજી પળ, અને તેઓ એકએકથી દુર ધ્રુજતાં શરમીંદગીમાં મોહડું નીચું કરી ઉભેલાં જણાયાં. ત્યારે તે શું હતું? એ તો બુઢી દાસી જાગૃત થઇ હતી અને પરીચેહેરને પોતાના તંબુમાં નહી જોઇ વધારે વેહેમી બની ત્યાં દોડી આવી હતી. પરીચેહેર ફીરોઝનો તંબુ છોડી ચાલી અને દાસી પણ ફીરોઝપર એક ધીકારની નજર ફેંકી પરીચેહેર સાથે જુમબેસ મચાવવા ચાલી. તે એટલી તો ગુસ્સામાં આવી ગઇ હતી કે તંબુમાં ઝડપથી દાખલ થતાંજ એક

ગુલામડી જે એક ખુણામાં સુતી હતી તેના આંગપર પગ મુકી દીધો, અને તેની આંટી આવવાથી તે જમીનપર ઉંધે મસ્તક ફુટી પડી, આથી તો તેને વધારે ગુસ્સે થવાનું કારણ મલ્યું.

"બેઅદબ છોકરી તને જરા શરમ નથી. ઓ બેહયા, તું બેગાના મરદ સાથે એવી બેઅદબીથી વરતેછ. આખર આ પહાડપર આપણી ખરાબી થયા વગર રહેશે નહીં. શા માટે આ સાલ આપણે સફર કરી? મારી ખાતરી છે જે આપણે કદી સલામત કેરમાન પુગીશું નહી. એ બેગાનો મરદ એક સ્વાર નથી બલકે આપણી અજલ છે. ખુદા એને અહીંથી ફના કરજો. ઓ બેઅદબ છોકરી જયારે તે બેગાનો સખસ અહીંથી રજા લઇને રવાને થયો તે વખત તું તેને પાછો બોલાવતે નહી તો આટલી વાત વધતે નહી. સઘળો વાંક તારો છે. શામાટે તેં તેને રાતે રહેવાને કહ્યું? શામાટે તુ તેની દુમબાલે જઇને તેની સાથે સવાલ જવાબ કરવા લાગી. તેં તારા અંબર જેવા જુલફો અને ગુલાબ જેવા રૂખસારો તેને વારે ઘડીયે દેખાડીને પોતાના ઇશકમાં ગીરફતાર કરી તેનું દીલ લુટીને તેના દીલમાં આતશના શોળાઓ સળગાવ્યા. જયારે મેં તે મરદને અહીંથી કુચ કરી જવા ફરમાવ્યું ત્યારે તેં તેને જવાને ના કહ્યું, અને હવે તુ તે બેગાના મરદ સાથે હદ બહાર છુટ લેછ અને તેના પાપી હોઠોથી તારાં આંગને

તેં અપવીત્ર કરવા દીધું. હું તારા પેદરને શું જવાબ દઇશ? તે જવાન એક સાંપ છે જે આખર તને ઝેરી ડંખ મારીને તારા દીલમાં ઝેર પેવશ કરશે. અને તારાં તમામ હાડકાંઓને બાળીને ખાક કરી નાખશે. અગર તું દેવાની હોય તો હુશીયારીમાં આવ, ખાબમાં હોય તો બીદાર થા, તેના ઇશકથી પાછી ફર, અને તેનેથી તારો હાથ ઉઠાવ. નહીં તો તું દુ:ખી અને હારમાર થશે. તારા પેદરને એ વાત ખબર પડતાંજ તે તને ઓવારી નીવારી મુકશે અને તને સુખી થવા દેશે નહીં. હું તેને તમામ વીગતે વાકેફ કરશ."

આ સખુનો સાંભળીને પરીચેહેર દરીયાના મોજાની મીસાલે જોશમાં આવી. અને દાસીને કહ્યું, "ઓ દેવાની! તું પોતે દેવાની છે અને મને દેવાની કહેછે. ફીરોઝે તને શું દુ:ખ દીધું છે કે તેં તેને સાંપનો એલકાબ આપ્યો? શા માટે તું તેની સાથે એટલો બધો કીનો રાખે છે? અગર તારામાં એટલી બધી અકલ હતી તો શા માટે મને પહેલે એ વાતથી વાકેફ કરી નહી? હું હમણા મારા ઘોડાપર સવાર થઇને ફીરોઝ સાથે ઇસફહાન મુલકમાં ચાલી જવશ. ફીરોઝ સાથે નેકાહ કરી હું ત્યાં સુખી થઇ રહેવશ. મેં મારી પસંદગીનો ખાવીંદ પસંદ કર્યો છે અને તેને હું છોડનાર નથી. મને હવે દાસીની જરૂર નથી. તારી સીહા સુરતને મારી નજર આગળથી દુર કર."

દાસી ગુસ્સામાં આવી તંબુ છોડી ચાલી ગઇ અને એક ખુણામાં જઇ રૂસાઇ બેઠી.

પ્રકરણ ૪ થું.

ચેહેલબાગ.

દુન્યાની ફરેલ તે દાસી હતી
ફરેબ ને શીતુર પણ જાણતી હતી
દાસ્તાન ચેહેલબાગનું પરીને કહયું
કોમળ તેનું મન જેથી તુરત ફરયું.

પરીચેહેર હવે પસ્તાવા લાગી દાસીને તેને પતાવવાને બદલે છેરી મુકી હતી. તે મનમાંજ હજી વીચાર કરતી બેઠી હતી તેવામાં એક ગુલામડી જે દરજ્જામાં બુઢી દાસીથી ઉતરતી હતી તે પોતાની બાનું આગળ નમન કરી હાથ જોડી બોલવા લાગી.

" ઓ મારી આંખોનાં નુર, તું શા માટે ગમગીન

થાય છે? ઓ બાનુ તું દાસીપર કફા ના થા. તેણીએ નાદાનીથી તારી સાથે એ પ્રમાણે ગોફ્તેગો કરી. અગરજો તે દાનાવ હતે તો તેણી કદી એ મીસાલે બોલતે નહી. ઓ બાનું! તું તારા ગુસ્સાને નરમ કરીને તેણીની સાથે ફરીથી સુલેહ કર. અને તેણીને ફરીથી તારી ખીદમતમાં આવવાને ફરમાવ નહી તો તે પોતાના કેહેરમાં તારા પેદરને તારે માટે ખુરૂ સમજાવશે અને તને દુ:ખી કરશે. માટે ઓ બાનું! મને રૂખસત આપ જે તેણીને અહીં પાછી બોલાઉં."

પરીચેહેરે તેણીને તેમ કરવાની રજા આપી. ગુલામડીએ દાસી આગળ જઇને તેણીને ઘણીજ પતાવીને સઘળી હકીકતોથી વાકેફ કરી કહ્યું. "તને બાનું પોતાની ખીદમતમાં બોલાવે છે."

દાસી જેવી તંબુમાં દાખલ થઇ કે પરીચેહેરે તેને પતાવી લીધી. અને પોતાના મનની વાત પાછી છેરી.

"અય દાસી, મેં તારી તો અવલથીજ મદદની વકી રાખી હતી. તું મારીપર નાનપણથીજ મેહેરબાન છે તો આ મારા ગમનો ઇલાજ તને કરવો સજાવાર છે. તને મારીપર એટલી હદ સુધી કફા થવું સજાવાર નથી. માટે તું કાંઇ દુરઅંદેશીથી ખ્યાલ કર અને મારાં એ કામમાં દીલોજાનથી મને મદદ કર. જ્યારથી મેં ફીરોઝનો ખીલતો ચેહેરો જોયો છે ત્યારથી તે

હાલ તલક તેના ઇશકથી હું એટલી નબળી થયલી છું ને મારેથી હવે એક પણ સખુન તે માટે બોલાતો નથી. માટે તું હવે મારાં દરદોની દવા કર. અને મારે માટે કાંઇબી વીચાર કર. હું એજ મરદ સાથ પરણવાને માગું છું. હું રાસ્તીથી કહું છું ને અગર તું તમામ કેરમાન શેહેરમાં ફરી વળશે તોપણ એના જેવો ખુબસુરત અને બહાદુર મરદ તને મલવાનો નથી."

જયારે દાસીએ જોયું કે પરીચેહેર ધમકીથી અને ધમકાવ્યાથી પાછી ફરતી નથી ત્યારે હવે તેને તેની સાથે પતાવીને કામ લેવાનો ઠડાવ કર્યો.

"ઓ પ્યારી બાનું, તું શામાટે ગાફેલ થાયછ? એ મરદ તારે લાયકનો નથી. તે ઇસફહાન મુલકના લશકરનો એક સરદાર છે. જયારે તારો બાપ તો કેરમાનનો હાકેમ છે. દરએક માણસો તેના તાબામાં છે. અને અગરજો તેનો જમાઇ ફીરોઝ થાય તો તેથી તેને કેવું નામોસી ભર્યું લાગશે? અને વળી દુન્યાના કાયદા પ્રમાણે અમીર, ઉમરાવો સાથેજ તું જેવી નાજનીન લાયક થશે. માટે તું એ વીચારથી પાછી ફર."

પરીચેહેરે ફરીથી પોતાની દાસીને કહ્યું. "તે એક બહાદુર સરદાર છે. અને તેનો દરજ્જો મોટો છે. પણ એકબારગી તે એક ગુલામ હતે તો શું થયું. તે દીલે ભલો છે માટે હું તેને

ચાહું છ. શું તેં યુસફ અને જુલેખાંની હકીકત વાંચી નથી? તે યાકુબનો છોકરો હતો, અને બીજા સઘળા ભાઇઓમાં અજીજટર હતો. તેથી તેના ભાઇઓ તેની ઉપર દુશ્મનાઇ કરવા લાગા. એક દીવસે તેઓએ તેને જંગલમાં લઇ જઇને એક કુવામાં નાંખ્યો. પણ એવામાં કેટલાક સોદાગરો ત્યાં આવી લાગા. પેલા સોદાગરોએ તરતજ તેને કુવામાંથી કાઢયો. અને તેને મીસર શેહેરમાં લઇ જઇને ગુલામ તરીકે જુલેખાંને ત્યાં વેહેચી નાખ્યો. જુલેખાં તેને જોઇને તેની સાથે મોહબતમાં પડી. મીસરના લોકો તેણીના એ કામથી વાકેફ થયાં તેથી તેઓ જુલેખાંપર લ્યાનત નાખવા લાગા. તોપણ તેણી કોઇનું પણ સમજી નહી. જોકે તે પાદશાહની બેટી હતી, તોપણ એવું કામ કરવાને બીલકુલ બીહતી નહી હતી. તેજ માફક હું પણ કોઇની દરકાર કર્યા વગર ફીરોઝની સાથે પરણીશ. અગર કોઇ મને પોતાની શમશેરે રેજરેજ કરે તોપણ હું કદી તેને છોડનાર નથી. હું તેની મોહોરદાર થઇને મંજલ દર મંજલ તેની સાથે ઇસફહાન જઇશ. અગર એક મરદ અને ઓરત એક એક સાથે હળી મળીને રહે તો તેઓ પાદશાહની મીસાલે મજાહ ભોગવી શકશે, ફકત એટલુંજ કે તેઓ વચ્ચે સલાહ સંપજ હોવી જોઇએ. પણ અગર જો તેઓ કારૂનના ખજાનાનાં ધણી હોય અને એક બીજા સાથે માયાથી વરતે નહી તો સઘળા ગંજ અને

ખજાનો તેઓ આગળ ઝેર બરોબર છે. હું ખાતરીથી જાણું છું જે ફીરોઝ મારો ખાવીંદ થવાને લાયક છે."

દાસીએ તેણીને કહ્યું. "ઓ મારી પ્યારી બેટી! એ સઘળું તેં રાસ્ત કહ્યું છે. સીંહમુરગ જેવું બહાદુર પક્ષી કઝા અને કદર જે હકતાલાએ લખી હતી તે તોડી શક્યું નહી, તો આપણા જેવા કમીના બંદાથી શું થવાનું? હું પણ એ સઘળું સમજું છું. લેકીન અવલ હું પણ મારી ઉપર ગુજરેલી હકીકત કહુંછ તે સાંભળ. અગર મારી હકીકત તને દુરસ્ત નહી લાગશે તો આપણા મુલકમાં હજારો જણ તેની ગવાહી આપવાને તૈયાર થશે. મારી પ્યારી હું ખેરઆબાદ શેહેરની રહેવાશી છું, જેની વસ્તી કેરમાનથી બમણી છે. તે મુલકની પાસે એક બાગ છે કે જેનું નામ "ચેહલબાગ" કરીને કહે છે. કારણકે તે બાગમાં બીજા ચાલીશ નાના બગીચાઓ છે. તે બાગની આબોહવા એવી ખુશનુંમાં છે ને અગર બેહોશ માણસોને ત્યાં લાવ્યા હોય તો તેઓ પાછી પોતાની તંનદરોસ્ત હાલતમાં આવે છે. તેમાં તરેહ તરેહના ફુલો, તરેહ તરેહના મેવાઓ છે, અને પક્ષીઓના ખુશનુમાં ગાયનોથી ઇનસાનનું મન ઘણું ખુશ થાય છે. ઓ બાનું! તે બાગની હું તારીફ કરી શકતી નથી. ચોમાસાની વખતે પાદશાહ તથા ફકીર સર્વે લોકો તે બાગમાં બે હફતા તલક મજાહ કરવાને આવે છે.

અમો પણ એક મોસમની વખતે તે બાગમાં ગયાં હતાં. હું ખુશબોદાર ફુલો અને બુલબુલોને ખુશનુંમાં સરોદોથી ગાતાં જોઇને એક ઝાડ આગળ ફુલ તોડવાને ગઇ. તેવામાં મારી નજર એક જવાનપર પડી. હું તે વખત જવાન હતી અને તેથી વધારે ખુબસુરત હતી. હું પણ તારી મીસાલે બહાનું કાઢીને તેની સાથે વાત કરવાને ચાહતી હતી જેથી તે પોતાનું સર ફેરવીને મારો તરફ નેગાહ કરે અને મારા ઇશકના ગમમાં ગીરફતાર થાય. એમ મનમાં વીચાર કરીને મેં તેને કહ્યું. " અય જવાન મરદ! મને આ પુલપરથી પસાર કર અને પેલી પાર ઉતાર કારણ કે મારેથી એકલું પસાર થવાતું નથી. એવું સાંભળીને તે મારો હાથ પકડીને પુલને પેલે પાર લઇ ગયો. તે તરત મારી પાસે બેઠો. અને મને કહેવા લાગો. ઓ નાજનીન! તારૂં નામ નીશાન શું છે? તું કોણુની નેક બુનીઆદની છે? અને તું કયાંની રહેવાશી છે? મેં તેને મારાં નામ નીશાનથી વાકેફ કરી. અને વળી હીમતથી મેં તેને કહ્યું કે હું એવી ઉમેદ રાખું છ જે મારી તમામ ઉમેદ તારેથી બર આવે. એ મીસાલે ગોફતેગો કરતાં ઘણો વખત વહી ગયો તે મને માલમ પડયો નહી; હું ઘરમાં માલમ નહી પડવાથી મારાં મા બાપોએ મારી શોધ ખોળ કરવા માણુસો મોકલ્યાં. જાસુસ લોકો પોકાર

મારીને કહેતા હતા જે આ બાગમાં એક ઓરત ગુમ થયલી છે, જે સખસ એ વાતથી વાકેફ હશે અને છુપી રાખશે તથા પાછળથી માલમ પડશે તો તે સખસને મોટી સજા કરવામાં આવશે. આ રવેસના પોકારો સાંભળીને તે હીચકારો મરદ થર થર ધ્રુજવા લાગો. અને મને પાછી પોતાની મંજલપર જવાને કહ્યું. પણ મેં તેને કહ્યું એ બેવકુફ ! એક સુંદર મુરગને હાથમાં પકડી તુરત તેને પાછું ઉરાડે છે? એમ કરવું વાજબી લાગતું નથી. અગર શમશેરના જોરએ તું મને જુદી કરવાને ચાહશે તોપણ હું કદી તારેથી જુદી થવાની નથી. તેને કહ્યું એ નાજનીન ! ચારો તરફથી જાસુસ લોકો આવીને મને પકડી લઇ જશે અને મને તારે લીધે મોટી સજાએ પહોંચાડશે. એમ કહીને મને પાછી તેજ જગાએ મુકીને તે બાયલો ચાલી ગયો. પણ હું તો તેના ઇશકમાં ગીરેફતાર હતી. અને જાર બેજાર રડવા લાગી. એવામાં જાસુસ લોકો ત્યાં આવી લાગા અને મને મારા પેદર પાસે લઇ ગયા. મારાં મા બાપે તેઓને બેહદ ઇનામો બક્ષ્યાં. તે જવાનની મેં ઘણી રાહ જોઇ પણ તેને મને ફરીથી મળવાની દરકાર કીધી નહી. હું તેના ગમમાં ને ગમમાં ગળાતી ચાલી અને કોઇ પણ દહાડે નહી પરણવાના મેં હરહરતા કસમ લીધા અને તે મેં પાલ્યા, માટે મરદ જાત બેવફા છે. તેઓ સેવટ સુધી વફાદાર

નીવડતા નથી. શરૂઆતમાં તેઓ આપણીપર બહારથી ગોયા પોતાનો જાન ફીદા કરવા તૈયાર થાયછ પણ બાતેનથી તેઓ આપણી લેસભાર દરકાર કરતા નથી. તેજ માફક ફીરોઝના બાબમાં પણ જાણવું. તે પણ એક બેવફા હીચકારો છે. તે ગમે એવી જુઠી ડંફાસ મારેછ તો શું થયું? પણ તે એક તારા જેવી નાજનીન સાથે પણ લડાઇનાં મેદાનમાં સામેલ થવાને શકતીવાન નથી. માટે તું તેનેથી તારો હાથ ઉઠાવ. નહીતો આખેર તારા હકમાં પસ્તાવો થશે. તારો પેદર તારીપર કદ્દા થશે અને તને હલાક કરશે. એ બેગાના સખસનું ઢંગઢડા વગરનું સુખ મેળવવા જતાં તને તારાં બાપીકાં સંપૂર્ણ સુખને સદાની સલામ કરવી પડશે. માટે હજી પણ ચેત અને મારૂં કહ્યું માન. તેમાંજ તારી સલામતી છે: હવે તું તે મરદને વધુ દાદ ના આપ. કાલે આપણે આપણો સઘળો અસબાબ અહીંથી ઉઠાવી ચાલતી પકડાયે. સહવાર પડશે ને જ્યારે તે એ વાતથી વાકેફ થશે ત્યારે તે તારો પીછો છોડી પોતાને રસ્તે પાછો ફરશે. એકબારગી તે તને ખરીજ રીતે ચાહતો હશે તો આબરૂથી તારા હાથને માટે પોતાને શેહેરથી તારા બાપપર માગું મોકલશે. તેમાંજ સઘળી શોભા છે. અને તેમાંજ તારી આબરૂ જલવાયલી રહેશે. હું આ દોરંગી દુન્યાની ફરેલ છું અને મને બધી વાતનો અનુભવ મળી ચુકો છે. તેં હજી દુન્યાના ઢંગ

જોયા નથી. તું જેના પ્યારમાં ફસી છે તે એક હીચકારો છે. તુ જેવી નાજનીન જેની આગળ હજારો જવાનો તાકાતમાં બરાબરી કરી શકતા નથી તો તેવી એક બહાદુર બાનુ શીરોઝ જેવા એક હીચકારા સાથે નેકાહથી એક થાય એ ખ્યાલજ દરએક સમજુને હેરત કરવાને પુરતો છે.”

જ્યારે કાંઇ વળ્યું નહી ત્યારે દાસી શીરોઝ અને પરીચેહેર વચ્ચે મીનાકેશો ઉતપન કરવાની કોશેશ કરવા લાગી. તે એમ ધારતી હતી કે તેઓનાં મનમાં એક બીજા માટે બુરૂં મત દાખલ થયાથી તેઓ એક એકનો પીછો છોડશે, અને કજીઓ કરી છુટાં પડશે. દાસી કેટલેક દરજ્જે પોતાની ધારણામાં ફાવી હતી. કારણ તેના લંબાણ બોલવાથી પરીચેહેરનાં કુમળાં મગજપર અસર થઇ, અને પોતાના પેદરના કેહેરમાં ફસી પડવાની ધાકથી તેને પોતાની દાસીની માગણી કબુલ કરી. બીજે દહાડે સહવારના પહોરમાં કુચ કરી જવાની સઘળી તૈયારીઓ થવા લાગી. ભોગજોગે શીરોઝ પણ તે વખતે ખાબથી ફારેગ થયો હતો તે આ બનાવ જોઇ ઘણો અચરત થયો. પરીચેહેર તેની આગળ આવી નહી. પણ બુઢી દાસી એકલી તેના તબુમાં દાખલ થઇ અને જે પ્રમાણે પરીચેહેર આગળ શીરોઝને માટે બુરું બોલી હતી તેમ શીરોઝ આગળ પરીચેહેરની ઘણા સખત બોલોમાં બદગોઇ કીધી. ટુકમાં દાસીએ એવો તો

મરી મસાલો ભભરાવી ફીરોઝને સમજાવ્યો કે ફીરોઝે પરીચેહેરથી પોતાનો હાથ ઉઠાવવાનો ગમગીન હાલતે કસદ કીધો. તેને વીચાર્યું કે જો અગર પરીચેહેર મારી તરફ વફાદારજ હતે તો શું મને જણાવ્યા વગર આવી રીતે પોતાને શેહેર કુચ કરી જવાની તે તૈયારી કરતે? તે ઘણો પસેમાન થયો અને ખુદાનું નામ લબપર લઇ પોતે પણ પોતાને શેહેર રવાને થવાની તૈયારી કરવા લાગો. એવી રીતે દાસીએ આ બને નીર્દોષ જવાંનો વચ્ચે જુદાઇ અને મીનાકેશાનું બી રોપ્યું.

પ્રકરણ ૫ મું.

રંગમાં ભંગ.

નાર જ્યારે આજની હોય છે નાઝુક
ને નખરાં ને નાઝમાં ન રાખે અચુક
ત્યારે ક્યાની વખતની પરીચેહેર ઓરત
મરદાનગીનાં કામમાં પમાડેછ હેરત.

આણીગમ પરીચેહેર પોતાનો સાદો લેબાસ બદલી કુચ કરવાની તૈયારી કરવા લાગી. પોતાના નવા પોષાકમાં તે એક પહેલવાન જેવી લાગતો હતી. આજના વખતની નાજુક પારસી બાનુઓ પોતાને વધારે નાજુક ખપાવવામાં માન સહમજે છે, પણ આગળા વખતની ઇરાની બાનુઓ તેવી ન હતી. તેઓ એક મરદની સામે હીમતથી લડી શકતી હતી, જેના અનેક દાખલા આપણુને તવારીખપરથી મળે છે. માથાથી તે પગ સુધી તેણીનું મજબુત બખતર, પગોમાં લોખંડી મોજાં, હાથમાં ફોલાદી અરતની ખભાં ઉપર લટકાવેલી વજનદાર ગોલ

ઢાળથી તે શોભી રહી હતી. એક ભારી કોલાહ સર ઉપર દમામથી મુકેલી હતી જેમાં પહેલવાની કલગીર દમામથી ફરતી હતી, જમના હાથમાં એક તેજ શમશેર ચમકી રહી હતી, અને દાબા હાથમાં જાનનો લેનારો એક ઝેરી ભાલો પકડેલો હતો. કવી બાજુપર એક ચાંચી કમાન લટકાવેલી હતી, જ્યારે પહોળી પીઠ સાથ તેજી તીરોનો ભાથરો બાંધ્યો હતો, ગરદનથી તે પગ સુધી એક જરરીન કબાહ ઓઢી હતી, કે જે સુરજના તાપને તેના આંગમાં પેવશ થતાં અટકાવતી. એ કબાહ ઉપર એક બબરનો ચીતાર ચીતારેલો હતો. તેણીની સાથ તેણીના તેજી ઘોડાનો દેખાવ ઓર દીસતો હતો. ઘોડાની કમાનદાર પીઠ ઉપર લોખંડી રૂપેરી પતરાં સાથ જડી લીધેલું એક ભારી જીન, ફરાખ સોનાને માટે લોખંડી બખ્તર, તેના ડુંગર સરખાં કુળાં ઉપર પીતળના પટાનો જડાવ તેના મોહમાં સાંકળની લગામ, પગ મુકવા ત્રાબાંના પતરાની રેકાબ, એ સઘળું તેના તમામ શરીરને જેબ આપતું હતું. આટલા બધા ભારી વજન સમેત તે જબરદસ્ત ઘોડો જાણે રખસ પોતાના શુરા જમાને આશકાર જહાં પહેલવાન રૂસતમને પોતાની પીઠપર લઇ હવામાં પરી માફક દોડવાની યાદ આપતો હતો. તેણીના પગ એક કીલ્લાના તળીઆંની મુઆફેક ઓસતવાર દીસ્તા હતા. તેણીનું તમામ તન ગોયા એક ફોલાદી કોટ હતો.

આટલી બધી બહાદુરી સાથે ઉદાર દીલ જોડાયલું હતું. જમીન ઉપર પડેલા હરીફને તે કદીબી પગ તળે કચડતી ન હતી. આ રવેશના દબદબા સાથે તેણીને ઉભેલી જોઇ ફીરોઝ તો દંગ થઇ ગયો.

તે બે કદમ આગળ વધ્યો અને જયાં પરીચેહેર ઘોડાપર સ્વાર થઇ ઉભી હતી તે તરફ પોતાના ઘોડાને ફેરવ્યો અને બોલ્યો.

"અય પરીચેહેર આવી બેઅદબી ભરી ચાલનો શું સબબ છે? શું તું તારૂં વચન ભુલી ગઇ? શું દુન્યામાં વફાઇ રહી નથી? શું દરએક ઓરતો તારી માફક બેવફા હશે? તેં એકવાર સદાની મારી થવાનો મને કોલ આપ્યો અને હવે મને દગો દઇ તું અહીંથી ચાલવા માંડે છે તેનું કારણ હું સહમજી શકતો નથી—."

હજી ફીરોઝ વધુ બોલવા જતો હતો તેટલામાં દગાબાજ દાસી બોલી ઉઠી.

"અય જવાન, મારી બાનુ તને હરગેઝ કબુલ કરનાર નથી. તે પોતે બહાદુર છે અને પોતાનો ખાવીંદ પણ તે તેવોજ પસંદ કરશે. માટે તું તેનાથી તારો હાથ ઉઠાવ અને તારે રસ્તે કુચ કરી જા. તું જેવા હીચકારા સાથ મારી બાનું હરગેઝ નેકાહ કરનાર નથી."

દાસીને મોહડેથી આવા શબ્દો સાંભળી ફીરોઝ ઘણો ગુસ્સે

થશે. તે વખતના જવાનો પોતાને બહાદુર અને હીમતવાનમાં ખપાવવાને માન સહમજતા હતા, તેથી દાસીના આવા કઢંગા શબ્દોથી તેને કેહેર ઉતપન થાય તેમાં શી નવાઇ?

"અય બેઅદબ દાસી, તું શા રવેશે કહેવાની હીમત કરેછ કે હું હીચકારો છું? તારા ગામમાં એવો એક પણ સખસ હોય તેને લઇ આવ કે તે મારી સાથે મેદાનમાં ઉતરે."

"હેં, હેં, એવી જુઠી ડંફાશ તું શું કામ મારેછ? તને તો મારી બાનું પરીચેહેર બસ છે. તારામાં હીમત હોય તો તું તેની સાથેજ મેદાન પડ." દાસી તેઓ વચ્ચે વધુ કડવાસ ઉભો કરવા લાગી.

"પરીચેહેર એક બાનું છે અને તે સબબથી તેની સાથે લડવાનું હું વાજબી ધારતો નથી. પરીચેહેર જેવી નાજુક નાજનીન સામે હું લડાઇનાં મેદાનમાં ઉતરૂં તો પહેલવાનોમાં મારી હસી થાય." ફીરોઝ ગુસ્સાથી બોલ્યો.

"ત્યારે એમ કહેની કે તારામાં એટલી હીમત નથી અને તું મારી બાનુથી બીહે છે તેથી એવાં બહાનાં કાઢેછ." અંતે દાસીની ઉશકેરણીથી તેઓ બને મેદાનમાં પડયાં. પરીચેહેર પોતાથી બનતું જોર અજમાવતી હતી જયારે ફીરોઝ ફકત તેણીના ફટકા પોતાની

ઢાલપર ઝીલી લઇ પોતાનો બચાવ કરતો હતો, અને તેણીની બહાદુરીની અજમાયસ લેતો હતો. તે પરીચેહેરપર પોતાનો હાથ લંબાવવાને રાજી હતો નહી. પરીચેહેરના દરએક ફટકા તે પોતાની ઢાલપર આસાનીથી ઝીલી લેતો હતો. કમનસીબે પરીચેહેરના નેજાના ફટકાનો બચાવ કરતાં તેનું ધ્યાન મકરબાજ દાસી કે જે ફીરોઝનું ધ્યાન ખેંચવા ત્યાં ઉભી ઉભી તરહેવાર ચાલા કરતી હતી તેની તરફ હોવાથી તેને ઠાપ ખાધી અને નેજાનો કારી જખમ તેના મગજમાં લાગવાથી તે લોહીલોવાન હાલને પોતાના ઘોડાપરથી જમીનપર ટુટી પડયો.

"અય નાજનીન, હું તને સેવટ સુધી વફાદાર નીવડયો છું. મેં તને મારવાની નેમ રાખીજ નહતી. હું ફકત તારી બહાદુરીની અજમાયશ લેતો હતો. હું ગાફેલ બન્યો અને તું જેવી એક બાનુનો શેકાર થઇ પડયો. જો એવું હું જાણતે તો તને એક પરંદાની મીસાલે ઝીનપરથી ઉઠાવી ખાકમાં નાખતે. તેં મારી સાથે મોહોબત બાંધી અને મારા આંગમાં પ્યારના સોલા ઉઠાવ્યા. હું તારા હાથની ઉમેદવારીમાં મારૂં સુખ દુઃખ ભુલી ગયો અને તારી આગળ રહયો. તેના બદલામાં અંતે તું બેવફા નીવડી અને સેવટે મેં મારી જીંદગીથી હવે હાથ ધોહયાછ, ખેર. જે બનવાનું હશે તે બન્યું. મારા તકદીરમાં મારાં ભોલાપણા માટે ખમવાનું સરજેલું

હશે તેજ થયું, હવે તો જે બન્યું તે ન બન્યું હરગેઝ થનાર નથી. હું તારા પ્યારની જામ પીવાને આતુર હતો પણ અંતે તેં બેવફા નીવડી તે જામ મારા હોઠ આગળ લાવતાંજ અટકાવી અને હવે તેનું આવું બુરૂં અંજામ આવ્યું. હું તને તારી બેવફાઇ માટે માફ કરૂંછું. મારા આ કારી જખમથી હવે હું ઉઠવા પામનાર નથી. એમાં સધળો વાંક મારી ભોલાઇ, અને બેફીકરાઇનો છે, માટે હું તને બદનામ કરતો નથી. સુખી રહેજે. મારી તને છેલ્લી સલાહ છે કે મારૂં ખુન તેં કીધું છ એવું કોઇને જાહેર કરતી ના, કારણ જયારે શેહેનશાહ બેહેમન તે વાત જાણુશે ત્યારે તારા બાપના મુલક પર ચહડાઇ લાવી તને કતલ કરશે અને તારાં કુટુંબને હલાક કરશે. હવે વધુ વખત તું અહીં થોભ્યા વગર તારે ગામ કુચ કરી જજે. કારણ તેમાંજ તારી સલામતી રહેશે. હવે મારેથી વધુ બોલાતું નથી. જો હજી પણ તું તારો વાંક જોય તો મારી આપેલી વીટી મારી નીશાણી દાખલ જાળવી રાખજે." એટલું બોલી ફીરોઝ બેશુધ હાલતમાં જમીનપર પડી રહયો.

પરીચેહેર આ મામલો જોઇ ધણી પરેશાન થઇ અને પોતાની ભુલ માટે ધણી પસતાવા લાગી. બુઢી દાસીની જુઠી સમજાવતથીજ તે ફીરોઝ તરફ બેવફા થઇ હતી.

"અય દાસી તારી સલાહ મુજબ ચાલવામાં હું હવે ધણી

પસ્તાઉં છું. તેં ફીરોઝ વીષે મને ઘણું બુરૂં સમજાવ્યું. પણ તેવા તારા સખુનોને તે મુદ્દલ લાયકનો ન હતો. તારી બુરી કરણીનો બુરો બદલો તને મળ્યા વગર રહેશે નહી. અફસોસ. હવે હું શું કરૂં? હું કયાં જઇ મરૂં? સઘળી ગોલામડીઓને ફરમાવ કે ઘટતી બરદાસ્ત લઇ ફીરોઝની લાશને એક ઘોડાપર મુકે. હું તેને આપણે દેશ લઇ જઇશ."

"બાનું તું બોલેછ તેનો વીચાર કરતી નથી. ફીરોઝની લાસને ત્યાં લઇ જવાથી સઘળી વાત જાહેરમાં આવશે અને તને સર્વે કોઇ ધીકારશે. અને વળી શું ફીરોઝનું કહેલું તને યાદ નથી કે એ વાત તું કોઇ આગળ કરતી ના. નહી તો એકબારગી જો ઇસફાનના શાહના કાનપર એ વાત આવશે તો તે આપણુને રંજીદા કરશે. માટે તું એટલી ગાફેલ ના બન અને હવે વધુ વખત ન ખોતાં આગળ કુચ કર. હું ગોલામડીઓને હુકમ કરૂંછ કે ફીરોઝની લાસને પેલાં મોટા દરખ્ત તળે સંભાળથી મુકે."

અંતે દાસીના હુકમ મુજબ ગુલામડીઓએ ફીરોઝની લાસને ઠેકાણે પાડી, અને સઘળાંઓએ કેરમાન તરફ કુચ કરવી ચાલુ રાખી. પરીચેહેર આખે રસ્તે ગમગીન ચેહરે ફીરોઝના વીચારમાં ને વીચારમાં મુગી મુગી પોતાનો રસ્તો કાપતી હતી. અંતે જયારે તેઓ કેરમાન જઇ પહોંચ્યાં ત્યારે દાસીએ પરીચેહેરને કહ્યું. "હવે

તારે ગમે તે કર. હવે હું તને તારા પેદરને સ્વાધીન કરૂં છ. મારાં સારાં નસીબ કે અંતે હું તને જુઠું સાચું સહમજાવીને પણ અહીં લાવવા પામીછ."

પ્રકરણ ૬ ઠું.

ખેલવતગાહ.

દીઠો જ્યારે માદરે બેટીનો હાલ
ને ગમગીન, લેવાયલી તદ્દન બેહાલ
સરદ તેને દુઃખની છુપી મારી હાય
એકાંતમાં કરતી તે વીલાપ, હાયવાય.

પરીચેહેરને આવેલી જોતાં વાર તેની માદર જેનું નામ ગુલનાર હતું તે તેણીને તરતજ ગળે વળગી અને આ વખતે દર સાલ માફક મુદત પુરી થયા આગમજ શું કામ આવવું પડયું તેનું કારણ પુછવા લાગી.

પણ પરીચેહેરનું ધ્યાન કયાં હતું ? તેણીએ પોતાની માતાના સવાલનો જવાબ પણ નહી આપ્યો. એ મીસાલે મામલો જોઇને સઘળાં ઘણાં અજાયબ થયાં. તેથી તેઓએ દાસીને પુછ્યું, "શા માટે તેણીનો ચેહેરો જરદ થયલો છે ? શા માટે તેણી કોઇને પણ જવાબ આપતી નથી ? દર વરસે જયારે તેણી સફરથી પાછી

આવતી ત્યારે અમારી સાથે ખુશી અને ખુરમી સાથે વાત કરતી હતી, અને દર સાલે જયારે તમો કોહપર જતાં ત્યારે એક માસ તલક ત્યાં રહેતાં હતાં. આ વરસે હજી તમારો આવવાનો વખત થયો નથી.”

આ સાંભળીને દાસીએ ખરી વાત છુપાવીને બહાનું કાઢ્યું. “ઓ નામદારો! અમો દશ દીવસ સુધી તંનદરોસ્ત હાલતમાં હતાં. પણ એકાએક પરીચેહેરપર તાવે સખ્ત ગલબો કીધો. તેણી એક દીવસ સુધી બેહોશ હતી. અને જયારે તેણી લગાર હોંશમાં આવી ત્યારે તરતજ ઘોડાપર સ્વાર થઇને અમો અહીં આવ્યાં.”

ત્યારબાદ તેણીનો બાપ અસફંદયાર તેણીને ભેટવાને માટે આવ્યો. પરીચેહેર બાપને જોઇને તરતજ ઉભી થઇ, અને તેને બગલગીરી કીધી. તેનો બાપ ગલીચાપર તેની આગળ બેઠો, અને સઘળી હકીકતોથી વાકેફ કરવાને તેણીને કહ્યું. તેટલામાં ગુલનારે તેને દાસીએ કહેલી સઘળી હકીકતોથી વાકેફ કર્યો. પરીચેહેરના બાપે આ સઘળું સાંભળીને પરીચેહેરને કહ્યું, “ઓ મારી પ્યારી બેટી, અગર તું કેરમાનના પહાડપર મરણ પામતે તો મારા કેવા હાલ થતે? હાલ હું તને તંનદરોસ્ત જોઇને ઘણો ખુશાલ થયો છું. અને ખુદાના હજારો શુકર કરૂં છું જે તું મારી એક પુરી બેટીને સહીસલામત હાલ નજરે જોઉં છું.

હવે પછી અમો તને એકબી પળ જુદી થવા દઇશું નહી, કારણ કે અમોને તારા સીવાય કોઇ બીજું ફરજંદ નથી. હું તારે વાસ્તે કાબેલ હકીમ લાવીને તારાં સઘળાં દરદો દફે કરવાને કહેવશ."

પરીચેહેર લગાર હસતું મોંહ કરી બોલી, "ઓ મારા પ્યારા પેદર! તમે મારે વાસ્તે બીલકુલ ફીકર કરતા ના અને મારે વાસ્તે કોઇ પણ હકીમને લાવતા ના. મારાં દરદોની દવા કોઇ પણ હકીમ કરી શકશે નહી. હું પોતે મારાં દરદોની દવા જાણું છું."

બાપ તેણીને મોઢેથી એવું સાંભળીને ખુશાલી સાથે ત્યાંથી પાછો ફર્યો—અને પોતાના હાકેમી કામમાં મશગુલ થયો.

ત્યારબાદ પરીચેહેરે પોતાની માને એકલી જોઇને કહ્યું, "મને આરામ લેવાને વાસ્તે એક જગા તૈયાર કરાવો. કારણ કે હું રાહની ઘણી થાકેલી છું." અંતે ગુલનારે સઘળું નકી કરાવ્યું. પરીચેહેર પોતાના ખેલવતગાહમાં ગઇ અને બીછાનું કરીને તે પર આરામ લેવાનો કસદ કર્યો. પણ ફીરોઝના ગમથી તેણીને જરા પણ ઉંઘ આવી નહી. તે તો ત્યાં ફીરોઝની જુદાઇનું રડન કરતી હતી.

"મેં આ શું કામ કીધું? હું શા માટે દાસીની શીખ

માનીને ફેરમાન આવી ? અહીં આવીને હું ભારી બંદમાં ફસી પડીછું. હુ કદી એ કેદખાનામાંથી હૈયાત નીકળીશ નહી. બેહેતર કે હું મારાં ખંજરે કરીને મારો સીનો ચાક કરૂં. હું ફરીથી ઇનશાનનું મોહ જોવા માંગતી નથી." અફસોસ. ભોગજોગે જયારે તે એ મીસાલે રડન કરતી હતી ત્યારે ત્યાંથી ગુલનારનું જવું થયું. બેટીને એ રવેસે વીલાપ કરતી જોઇને તેણી ઘણી દલગીર થઇ અને તે ઓરડાનાં બારણાં હીલવ્યાં. પરીચેહેર બારણાનો અવાજ સાંભળીને બહુજ ગુસ્સામાં આવી અને કહ્યું, "એ કોણ હરામજાદી અને બીહયા છે જેને આવીને મને ભર ઉંઘમાંથી ઉઠાડી; જેથી મારૂં સઘળું દર્દ થયેલું દુઃખ પાછું શરૂં થયું."

ગુલનારે કહ્યું. "ઓ પ્યારી બેટી ? તું કોણને શીખવે છે ? તું આ વખતે કાંઇ ખાબમાં નહી હતી. તું જારજાર રડીને હાય અને અફસોસ કરતી હતી. તું શા માટે મારેથી તારો ગમ છુપાવે છે ?"

પોતાની માતાજ ત્યાં આવેલી છે એમ જાણતાંજ પરીચેહેર માફી માગતાં બોલી. "ઓ પ્યારી, જે મારાથી બોલાયું તે માટે મને માફ કરજો. તમે અહીંથી ચાલી જાઓ, અને એમજ સહમજો જે હું ઝાડપરજ મરી ગયલી છું, અને મને વધારે વખત સતાવો ના.

અગર મને પર હતે તો અબઘડી પાછી તે પહાડપર ઉડી જતે. પણુ શું કરૂં ! મારા દીલમાં સળગી ઉઠેલા આતશને કેમ બુજાઉં ? ઓ ! હું હૈયાત છું ત્યાં સુધી આ ખેલવતગાહમાંથી બહાર આવનાર નથી."

પરીચેહેરે અંદરથીજ રડતે સાદે કહ્યું. પોતાની બેટીને મોઢેથી એવું સાંભળીને ગુલનાર ઘણી ઘભરાવા લાગી. તે તરતજ દાસી પાસે દોડી ગઇ. અને કહ્યું, "તું મને રાસ્ત કહે. મારેથી કંઇ ના છુપાવ. પરીચેહેર આજે ખાણું લીધા વગર ખેલવતંગાહમાં ગઇ છે. અને ત્યાં જારબેજાર રડે છે. ઓ દાસી ! તું ખાતરીથી જાણ કે હું કદી તને મુકનાર નથી. મેં મારી બેટીને સહી સલામત તને સોંપી હતી. અને હમણા તેણીના કેવા બુરા હાલ થયલા છે ? માટે તું રાસ્તીથી કહે કે, તેણીને શું થયું છે ? અગર તેણીના પેદરને એ વાતની ખબર પડશે તો તે તને હલાક કરશે."

દાસીએ કહ્યું, "તું પરીચેહેરનો હાલ એ મીસાલે જોઇને કાંઇજ ફીકર કરતી ના. તેણી તાવમાં એ મીસાલે બોલે છે. કારણુ કે હમણા તેણીના તાવનો વખત છે. તું એ બાબદની કાંઇજ ફીકર કરતી ના. હું એકલી તેણીની પાસે જવશ અને તેણીના હાલથી વાકેફ થઇને તને ખબર આપશ."

દાસીથી એવું સાંભળીને ગુલનાર જરા આરામ પામી તોપણ તે છુપો ગમ કરતી હતી. દાસી તરતજ પરીચેહેર પાસે ગઇ અને બારણું ઉઘાડવાને માટે બુમ પાડવા લાગી.

ઓરડામાં દાખલ થતાંજ દાસી બોલી. “ઓ મારી પ્યારી બાનુ, તું ફરીથી એ પ્રમાણે જારી નાકર, અને ફીરોઝનું નામ કદી તારી જબાનપર લેતી ના. હજી તારી માદરને ખબર નથી જે તું કોણુને માટે જારી કરે છે. તેઓથી મેં ખરી વાત છુપાવી છે માટે તું ખામોશ કર.”

એ મીસાલે તેઓ વાત કરતાં હતાં તેટલામાં પરીચેહેરની મા બોલતી બોલતી અંદર દાખલ થઇ.

“અય પ્યારી બેટી, શા માટે તું એ મીસાલે જારી કરતી હતી !”

“માદર હું એ વાતથી ઘણી શરમીન્દી છું. હું જે બોલતી હતી તે સઘળું તાવની જુમમાં યાને ખાબમાંજ હતું. હું એમ સ્વપનું જોતી હતી જે હજી હું ઇરાનના કોહપર છું. પણ જયારે હું બીદાર થઇ ત્યારે મને માલમ પડયું જે પોતાના આરામગાહમાં છું. અને હવે પ્યારી માદર મને કાંઇ પણ દુઃખ નથી માટે તમે કોઇ પણ રવેસે દલગીર ના થાઓ.”

ગુલનાર પોતાની બેટીથી એવું સાંભળીને ઘણી ખુશી થઇ અને પોતાનાં કામ પાછળ મંડી.

તેણીના ગયા બાદ દાસીએ ફરીથી પરીચેહેરને કહ્યું, "અગર તું ફરીથી જારી કરશે તો હું અને તું બંને માર્યાં જઇશું. માટે તું મારૂં માનીને અહીંથી બહાર આવ."

—"ઓ દાસી અગર કોઇ મને મારી નાખશે તોપણ અહીંથી હું કદી બહાર તો આવનારજ નથી."

અફસોસ! રાત ગુજરી અને સહવાર પડી તોપણ પરીચેહેર ખેલવતગાહમાંથી બહાર આવી નહીં. તેણીએ ખેલવતગાહનું દર અંદરથી બંધ કીધું હતું અને કોઇને પણ અંદર દાખલ થવા દેતી ન હતી.

પ્રકરણ ૭ મું.

ભરમ ફુટયો.

ખરો ભેદ તણો ત્યાં જયારે ફુટયો
હાકેમ ખુદ બેટીપર બેહદ રૂઠયો
પણ ગુલનારે આપી એક તુરત સલાહ
જે રૂચતાંજ માગી બેહેનની પનાહ.

આસફંદીયાર પોતાની બેટીની એવી બુરી હાલત જોઇ ઘણો હેરતમંદ થયો અને તે પોતાના ઓરડામાંથી બહાર આવતી ન હતી તેથી તેને શક ઉતપન થયો. તે તરતજ પાસેનાં ઘરમાં ગયો, અને છુપી રીતે દરવાજાપર પોતાનું સર મુકીને ઓરડામાં નેઘાહ કરવા લાગો. પરીચેહેર પોતાના બાપના આવવાથી બીલકુલ અણુજાણી હોવાથી જારી કરતી હતી.

"ઓ ફીરોઝ, મારા વહાલા, હવે હું શું કરૂં? ઓ! મેં શું કીધું? અફસોસ. મારૂં જીગર બળીને ખાક થાયછે. હવે મારૂં જીવવું

નકામું છે. ફીરોઝ તારા વગર દુન્યાનું સુખ નકામુ છે. મને હવે અહીં રહેવા ગમતું નથી. ઓ ફીરોઝ જો તું જીવતો હશે અને ઇસફહાન ગયો હશે તો હું મારા ઘોડાને મંજલ દર મંજલ જોકાવતી ઇસફહાન મુલકમાં આવીને તારી શોધ કાઢશ, પણ અગર તું મરણ પામેલો હશે તો પાછી ઇરાન કોહપર જઇને તેજ જગાએ જયાં સુધી હૈયાત છું ત્યાં સુધી તારી મહાતમગીરી કરશ."

એ મીસાલે તેણી રડતી અને અફસોસ કરતી હતી. તે વખતે તેણીનો બાપ પાસેના પડત પડેલા ઓરડામાં છુપાઇને સઘળું સાંભળતો હતો. તે એકદમ ગુસ્સામાં આવ્યો, અને દાસી પાસે ગયો, અને ગુસ્સા ભરી રીતે તેણીને કહેવા લાગો જે, "ફીરોઝ કોણ છે? અગર તું મને એ બાબહોથી વાકેફ નહી કરશે તો તને હું હલાક કરશ."

દાસી હાકેમથી એવું સાંભળીને થરથર ધ્રુજવા લાગી, અને મન સાથે કહેવા લાગી, "અગર હું હમણા જુઠું બોલીશ તો મને હાકેમ દુઃખી કર્યા વગર રહેશે નહી, માટે બેહેતર એ કે જે મીસાલે બન્યું હોય તે અવલથી તે આખર તલક કહું." એમ વીચાર કરીને તેણીએ પરીચેહેરના તમામ અહેવાલથી તેણીના બાપને વાકેફ કીધો, જેથી તે વધારે ગુસ્સામાં આવ્યો. અને

દાસીને વધારે ગુસ્સાથી કહ્યું, "ઓ નીમકહરામ ! શા માટે તેં અવલથી અમોને એ વાતથી વાકેફ નહી કીધાં ?" હાકેમે ગુલનારને તેની બેટીની સઘળી વીગતથી વાકેફ કરી. ગુલનાર પોતાની બેટીના ઓરડામાં ગઇ અને બોલવા લાગી.

"પરીચેહેર, આ શું ગજબ ? તારો બાપ તારીપર ઘણો કફા થયોછ. તારા બાપે પાસેના ઓરડામાં છુપી રીતે આવીને તારે પોતાને મોઢેથી ફીરોઝનું નામ લેતાં સાંભળેલું છે. ઓ બેટી તને એ શું સુઝ પડયુંછ ? તારો બાપ હમણા ઘણો ઉશકેરાયલી હાલતમાં છે."

"માદર પ્યારી એકબારગી કોઇ મારો જાન લેશે ~~તો તેની~~ પણ મને દરકાર નથી. મારા દીલમાં એકજ ઉમેદ છે, અને તે ઉમેદને સરઅનજામ પહોંચાડવાને કોશેશ કીધા વગર હું રહેનાર નથી. હું શું કામ અહીં પાછી ફરી ? શું કામ મેં દાસીની શીખામણ માની ? અફસોસ."

"પણ બેટી, ફીરોઝ કોણ છે ? અને તેનું નામ તું શા માટે તારા લબપર લેછ ? તું મારેથી કાંઇ પણ છુપાવ ના." ગુલનાર બેટીને પતાવવા લાગી.

પરીચેહેર પોતાના પ્યારાની યાદમાં રડવા લાગી અને પોતાની માયને

અવલથી તે આખર સુધીનું બ્યાન કહી સંભળાવ્યું. તે દહાડે જ્યારે ગુલનાર અને અસફંદીયાર એક બીજાને મલ્યાં ત્યારે ગુલનારે પોતાના ખાવીંદને પરીચેહેરની સઘળી બીનાથી વાકેફ કીધો. અસફંદીયાર એ સાંભળી ઘણોજ ખફા થયો પણ ગુલનારે તેને પટાવી લીધો અને કહ્યું, "હવે પરીચેહેર નાની નથી, માટે આપણે એના નેકાહ કરવાની તૈયારી કરીયે. એટલે એ પોતાનો હાલનો ગમ ભુલી જશે અને ફીરોઝને હરદમ યાદ કરતી અટકશે. હવે પછી એને દાસીની સાથે કેયે એકલી મોકલવી પણ નહી જોઇએ, કારણ હવે તે પોતાની પુખ્ત ઉમરમાં આવેલી છે. તે શાદી થયા પછી પોતાનો તમામ ગમ વીસરી જશે, અને તેનાં ~~હાલનાં~~ દુઃખ અને દરદપર તેણીનાં લગ્ન એક દવા તરીકે કામ બજાવશે."

અસફંદીયાર પોતાની બેટીના લગ્ન કરવા માટે ઘણો ખુશી થયો, અને તેણીના કાકાના છોકરા મીનોચેહેર સાથે લગ્ન કરવાને દરસ્ત જોયું. છોકરાના મા બાપ પણ એ વાતથી ઘણાં રાજી હતાં. તેથી પરીચેહેરની માયે સઘળું નકી કરી તેણીને ખુશાલીનો પેગામ પહોંચાડવાને એક દહાડે તેણીની પાસે ગઇ, અને તેણીને સઘળી હકીકતોથી વાકેફ કરી.

પરીચેહેર એ સાંભળીને ઘણી ગમગીન થઇ. અને પોતાની

માદરને કહેવા લાગી. "આ શું કામ કીધું? હું મારા કાકાના છોકરાને જોવા પણ નથી માગતી. હું તેના જેવા હીચકારા સાથ કદી પરણનાર નથી. હવે મારી પરણવાની તમો આશા રાખતાં નાં. મારો જે ખરો હીરો હતો અને જેને હું ચાહતી હતી તે તો આ દુન્યાથી વાસો ઉઠાવી ગયો માટે હવે હું મારી આખી જીંદગી કુંવારીજ હાલતે પુરી કરશ."

માદર એવું સાંભળીને ઘણી ગમગીન થઇ; તેને પોતાની બેટીને ઘણી સમજાવી પણ જ્યારે તેને સાફ ના કહ્યું ત્યારે દલગીર ચેહેરે પોતાના ભરથાર આગળ વીટેલી વાત કહી. અને કહ્યું. "હું પણ એ વાતથી પસતાઉ છું. મારી બેટી મારૂં કહેવું મુદલ મનજુર કરતી નથી."

અસફંદીયારનો ચેહરો કફાના આતશથી તદન લાલ થઇ ગયો, અને ગુસ્સામાં આવી તેને કહ્યું, "હું તેણીને જોર જુલમથી મારા ભાઇના છોકરા સાથે પરણાવીશ. તેણીથી કદી ના કહેવાશે નહી. અગર તેણી ના કહેશે તો હું તેણીને સ્વાદ ચખાડીશ, જે ફરીથી મારો સખુન રદ કરે નહી." એમ કહીને તેને પોતાની બેહેન જેનો સખુન પરીચેહેર રદ કરતી ન હતી, તેને પોતાની પાસે બોલાવીને પરીચેહેરના તમામ અહેવાલથી વાકેફ કરી, અને તેણીને કહ્યું, "ઓ મારી પ્યારી બેહેન! તું મારી સઘળી મુશકેલોને

આસાન કરી શકશે. હવે કેમ્માન શેહેરમાં પરીચેહેરની બીલકુલ આબરૂ રહેશે નહી. તેણી કોઇ બેગાના ફીરોઝના ગમમાં ગીરફ્તાર થયલી છે. મેં પોતે તેણીને ફીરોઝનું નામ લેતાં સાંભળી છે. અને તેણી એ મીસાલે કહેતી હતી જે તેણી એક રાતે ઇસફ્હાન નાશી જશે. તેથી મારી એવી મરજી છે જે તેણીના ખેલવત ગાહની આસપાસ પોહરાગીર રાખીને રાત અને દીન તેણીની નેઘેહબાની કરીયે, જે તેણીથી નાશી જવાય નહી. હું મારા કાકાના છોકરાને તેણીની સાથે પરણાવવાને ચાહતો હતો. પણ તેણી તેને કબુલ કરતી નથી. માટે મારી પ્યારી બેહેન તેણીને એવી રીતે સમજાવ જે પોતાના કાકાના છોકરા સાથે લગન કરવાને તે રાજી થાય, અને તેણીને ફીરોઝના ઇશકથી દુર કર."

"ઓ પ્યારા બીરાદર ! તું કાંઇ ફીકર ના કર. હું તેણીને પટાવીને ખેલવતગાહમાંથી બહાર કાઢીશ. તેણીને ઘણી સારી નસીહતો દઇને તેણીના કાકાનાં છોકરા સાથે પરણવાને રાજી કરશ. તેણીને એવી રીતે રાજી કરૂં જે તેણી પોતાનો જાન તેનીપર કુરબાન કરવાને ચાહે. ઓ બીરાદર ! અગર મારેથી એ કામ નહી બને તો તું મારીપર ફરીથી ભરોસો રાખતો ના. વળી બીરાદર, તું તેણીની ચોકીને માટે પોહરાગીર શા માટે મોકલે છે ? તેણીમાં ગમે તેવું જોર હોય તો પણ તેણી એક નાતવાન ઓરત છે, અને તેણીમાં એટલી બધી

તાકાદ નથી જે એકલી ઇસફ્હાન નાશી જાય, માટે તું બેફીકર રહે, તારાં કામ પાછળ ધ્યાન આપ; અને પોતાના દીલને શાદ અને ખુશી રાખ." ત્યાર પછી તેણી પરીચેહેરને મનાવવાનાં કામ પાછળ મંડી.

જ્યારે પરીચેહેર સઘળી વીગતે વાકેફ થઇ ત્યારે તેને પોતાની દાસીને કહ્યું કે, "હવે તું જો કે આપણે કેવી રીતે ગીરફ્તાર થયલાં છીએ. અગર તું મારૂં માનતે અને આપણે ફીરોઝ સાથે ઇસફ્હાન જતે તો ત્યાં જાવેદાન તલક સુખ ભોગવતે. પણ હાલ તારે લીધે મને કેવું દુઃખ ખમવું પડે છે. હાલ હું બહુ પસ્તાવો કરૂં છું. હું આ બંદથી હરગેઝ છુટનાર નથી. મારો પેદર અહીં ચોકીબાનોને લાવનાર છે. મને મારા બાકીના દીવસો કેદખાનામાં કાઢવા પડશે. અફ્સોસ! હાલ હું દરએક બાબદે ફસેલી છું."

એ મીસાલે વાત કરતાં હતાં એવામાં પરીચેહેરની ફુઇ અંદર દાખલ થઇ, અને દાશીને ઓરડાની બહાર મોકલી દીધી.

ત્યારબાદ તેણીએ પરીચેહેરને કહ્યું, "ઓ પ્યારી! તું શા માટે એ મીસાલે હાય અને અફસોસ કરે છે. હું તને નેક રાહની દેખાડનારી, અને તારાં ભલાંની ચાહનારો છું. તું મારૂં માનીને તારાં

દીલમાંથી ફીરોઝનો ગમ દુર કર, અને તારા કાકાના છોકરા મીનો-ચેહેરને કબુલ કર. તે આપણા ખેશીઓમાં સર્વથી સરસ છે. તું તેને માટે નાલાયક સખુનો ના બોલ. અગર તું એ વાતથી રાજી નહીં થશે અને તારા પેદરનો સખુન રદ કરશે તો કદી સુખ પામવાની નથી, અને કેરમાન શેહેરમાં દરએક જણ તારી ઉપર લ્યાનત નાખશે. માટે તું મારૂં માન, તારા પેદરના હુકમને તાબે થા, એ વાતથી પાછી ફર, અને સેતાનને તારીપર ગાલેબ થવા ના દે.''

તે ડુઇએ પરીચેહેરને સમજાવવામાં કાંઇ બાકી રાખ્યું નહીં; પણ જેમ પથરપર પાણી પડી ઢળી જાય તે માફક તેણીના દરએક સખુન પરીચેહેરના કાનપર પડી કાંઇ પણ અસર કીધા વગર રદ જતા હતા. અંતે તે ડુઇ ત્યાંથી નાસીપાસીથી પાછી ફરી અને જયારે કાંઇજ ચારો જોયો નહીં ત્યારે પોતાના ભાઇને કહ્યું.

"વહાલા ભાઇ, પરીચેહેર હવે સહમજશે એવી આશા રાખવી ફોકટ છે. ફીરોઝના ઇશકમાં ચકચુર હોવાથી તેણીએ જરા પણ મારૂં માન્યું નહી. બીરાદર! હવે તું તેણીની ઉપરથી હાથ ઉઠાવ. તેણી આપણી આબરૂને દાઘ લગાડશે."

"પ્યારી બેહેન, મને ઘડપણમાં એવું જોવાનું સરજેલું હશે તે હું શું કરૂં? પરીચેહેર મારૂં એકપુરૂં ફરજંદ છે. જાણે

અગઘડી મારી સમશેરથી એને સ્વાદ ચખાડું, લેકીન આ ખુનમાં હાથ ઘાલવો એ મને દરૂસ્ત લાગતુ નથી, કારણ કે હું આ શેહેરનો હાકેમ છું. દરએક પ્રજા તથા લશ્કર મારા તાબામાં છે, અને અગર હું એ મીસાલે કરૂં તો પછી કોણ મારૂં માનશે? તમામ પ્રજા મારી ઉપર ઉલટશે. અને વળી હું મારાં ફરજંદને મારી નાખવાને કેમ છાતી કરૂં? કયામતને દીને હું શું જવાબ આપીશ? માટે બેહેન તમારી બનતી કોશેશથી સર્વે કોઇ જઇ તેને સમજાવો; કારણ ત્યાં વગર છુટકોજ નથી. હું ધારૂંછ તેમ એ રફતે રફતે સહમજશે."

પણ પરીચેહેર સહમજી નહી. હવે તેણીએ પુરો પાધરો ખોરાક લેવાનું પણ માંડી વાળ્યું.

પ્રકરણ ૮ મું.

એક સલાહ.

શાહ મેહેમન હતો પ્રજા પ્યારો
દાદ અને નેકીનાં ફુલનો ક્યારો
ફીરોઝપર અવલથીજ હતો મેહેરબાન
બેટા સમ પ્યારથી બનતો નેગેહબાન.

ઓ સાકી મને લાલ શરાબની જામથી મસ્તાનો બનાવ જેથી પરીચેહેરનો કીસ્સો વધારે રંગીન બનાવું, અને આ નબળી પડી ગયલી કલમને પાછી વધુ તાકાદ આપું. હવે આપણે પરીચેહેરને ત્યાં ખેલવતગાહમાં રહેવા દઇએ, અને જયાં પરીચેહેર ફીરોઝને બેશુધ હાલતે મુકી ગઇ હતી ત્યાં પાછા ફર્યે.

જયારે ફીરોઝી ખાણમાંથી આફતાબી ઝલકાટ નીકલ્યો યાને રોશન રોજ થયો, ત્યારે ફીરોઝ પોતાની હુશીયારીમાં આવ્યો. તેને જોયું જે તેના સઘળાં કપડાં ખુનથી ગરક થયલા હતાં. એ સઘળું જોતાં તેને પરીચેહેરની તલવારનો જરબ યાદ આવ્યો.

તેનો ઘોડો પણ થોડેજ દુર ઝાડ સાથે બાંધેલો હતો. પરીચેહેર ધારતી હતી તેવો તે જખમ કારી ન હતો. ફકત લોહી જવાના સબબથી તે થોડો વખત બેશુધ થયો હતો. તે જેમ તેમ ઉઠયો અને પોતાનો સઘળો અસબાબ લઇ ઘોડાપર સ્વાર થઇને પોતાના જખમપર મજબુત પાટો બાંધી ઘર તરફ રવાના થયો.

ફીરોઝને આવેલો જોઇ તેનાં માબાપોએ દોડી આવીને તેને બગલગીરી કરી. તેના માથાને જખમ થયલો જોઇને તેઓ દલગીર થયાં અને જયારે તેઓએ તેનું કારણ પુછયું ત્યારે તેને જુઠું કહીને તેઓને સમજાવ્યા કે "જયારે હું શીકાર કરવા જંગલમાં ગયો ત્યારે હરણોને જોઇને તેઓની પછવાડે દોડયો. દોડનાં દોડતાં હું એક ગારની નજદીક આવી લાગો. મારા ઘોડાના પગનો અવાજ સાંભળીને તેમાંથી ત્રણ સીદી નીકળી આવ્યા અને મારી સામા થયા. હું તરતજ તીર અને કમાન કાઢીને તેઓને મારવા જતો હતો. તેઓ મને એ મીસાલે ઘણો જોશમાં જોઇને મને કહેવા લાગા, અમો તારા દોસ્ત છીએ. તું આજે અમારો મહેમાન થા; અને ઘણાક મીઠા બોલોથી મને લલચાવવા લાગા. હું તેઓથી ડગાયો. તેઓએ મને ચોતરફથી ઘેરી લીધો અને પોતાની તેજ

તલવાર કાઢીને મારી ઉપર હુમલો કીધો. એકે છુપી રીતે પછવાડેથી આવીને મારા સરને એ મીસાલે જખમી કીધું. પછી મને બેશુધ હાલતે મુકી તેઓ ત્યાંથી ચાલી ગયા. ત્યારપછી એક ભલો મરદ મને પોતાને ત્યાં લઇ ગયો અને તેને મારી સારવાર કરી."

તેના બાપે તેનો એહેવાલ ખરો માની કહ્યું, "ઓ પ્યારા બેટા, તુ કશો ગમ ના કર. તારે માટે હુ હમણા તબીબ લાવશ, તે તારાં માથાનો જખમ તરતજ સાફ કરી નાખશે. એ વાતથી તુ કશો અંદેશો ના કર."

ફીરોઝ બોલ્યો "ઓ મારા પ્યારા પેદર! અગર તુ મને ચાહતો હોય તો વધારે દુઃખ ના દે. તબીબ મારા દરદની દવા કદી કરી શકશે નહી. આપણી પાસે પેલી જખમ રૂઝાવવાની દાબડી છે તેમાંથી થોડી ભુકી મને આપો." તેના બાપે તેને તે દાબડી લાવી આપી અને તેમાંથી થોડી દવા તે જખમપર ભભરાવી. પછી ફીરોઝ રાહનો થાકેલો હોવાથી આરામ લેવા ગયો.

તેને પણ ઉંઘ આવી નહી અને પરીચેહેરની માફક એકાંતમાં રડન કરવા લાગો. "પરીચેહેર મારી પ્યારી તુ કયાં છે? તારા વગર મારૂં જીવતર રદ છે. મારાં ચાક થતાં જીગરને તું આવીને ટાઢક આપ."

ફીરોઝનાં મા બાપે પોતાના દીકરાની હાલતમાં ઘણો ફેરફાર થયલો જોયો. તે આગળના જેવો ખુશાલ દેખાતો ન હતો, અને આખો વખત એકાંતમાં પોતાના ઓરડામાંજ કાઢતો હતો. તેની માને તેનીપર શક ગયો અને એક દહાડે ઓરડાનાં બારણાની ફાટમાંથી ફીરોઝની હીલચાલ તપાસવા લાગી. તેને ત્યાં શું જોયું? ફીરોઝને હાથ સાથ હાથ અફાળતો અને રડન કરતો તેને જોયો. વળી ચારેઘડીયે તેને મોઢેથી પરીચેહેરનું નામ સાંભળી તે અજબ થતી હતી તેને એક દહાડે પોતાના બેટાને એકાંતમાં ખરી વાતનો ભેદ ખોલવા ઘણી કાકલુદી કરી સમજાવ્યો. ફીરોઝ હમેશા પોતાની માથી કોઇ વાત છુપાવતો ન હતો તેથી તેને આ આ વાતનો પણ ખરો ખુલાસો કરવાનું દરૂસ્ત વીચાર્યુ. અને તેને અવલથી તે આખર તલકની સઘળી વાતે વાકેફ કીધી.

તેનો એહેવાલ સહમજી તેની માતા બોલી. "ઓ પ્યારા બેટા, તું એક નાજનીનને ખાતર એટલો પસેમાન થાયછ, એ તારા જેવા પહેલવાનને છાજતું નથી. તું તેનો ખ્યાલ છોડી દે. હજારો નાજનીનો આપણા ઇસફહાન મુલકમાં છે. માટે જે નાજનીનને તું પસંદ કરશે તેણીને તારે માટે તૈયાર કરશ. તારા દીલમાંનો સઘળો ગમ કાઢી નાખ, અને આગળ માફક ખુશાલ બન."

"ઓ પ્યારી માદર! તેમ કદી નહી બનશે. ઇસફહાન તો શું પણ જો તમામ દુન્યા તું ફરશે તોપણ પરીચેહેર માફક કોઇ નાજનીન કદી મળશે નહી. હું તેણીના ઇશકના ગમથી ચંન્ડ રોજમાં મરણ પામ્યા વગર રહેવશ નહી. પરીચેહેર વગરની જીંદગી નકામી છે."

આણીગમ શહેનશાહ બેહેમનની ખીદમતમાં તેના સઘળા દરબારીઓ હાજર રહેતા હતા, અને શાહ દરરોજ આમથી તેમ જોયા કરતો હતો પણ ફીરોઝ નજરે પડતો ન હતો. આખરે શાહ જે ફીરોઝને બેટાની માફક ચાહતો હતો તેને પોતાના દરબારીને ફીરોઝ વીષે પુછ્યું, જેના જવાબમાં તે દરબારી બોલ્યો.

"જેહાંપનાહ હાલ કેટલા દીવસ થયા ફીરોઝ અહીં આવતો નથી. મબાદા તે બીમાર હશે. આપ ફરમાવો તો તેની વધુ ખબર કાઢયે."

એક ગુલામને તરતજ ફીરોઝના ઘર ભણી મોકલવામાં આવ્યો. ત્યાં પુગતાંજ ફીરોઝનો બાપ ત્યાં ઉભેલો હોવાથી તે ગુલામે ફીરોઝની હકીકત તેને પુછી પેદર એવું સાંભળીને ફીરોઝ આગળ ગયો; અને કહ્યું, "પાદશાહ તરફથી પેગામચી આવ્યો છે, અને તારા અહેવાલથી વાકેફ થવાને ચાહે છે. માટે તેને શું જવાબ આપવો?"

"ઓ પ્યારા પેદર, તેને કહો કે હું આજ કેટલા દીવસ થયા એક જખમથી બીમાર છું તેથી શાહની ખીદમતમાં આવી શકતો નથી. પણ હું જેવો સારો થવશ તેવોજ ત્યાં આવશ." પેગામચીએ તરતજ પાદશાહની હજુરમાં જઇ સઘળી હકીકતો કહી સંભળાવી.

આશરે પંદર દહાડા એમ નીકળી ગયા જે અરસામાં ફીરોઝ પાછો પોતાની અસલી તંદરોસ્ત હાલતમાં આવ્યો, અને ત્યારથી પાછો શાહની દરબારમાં હાજર થવા લાગો. પણ શાહે તેની આગળી અને હાલની હાલતમાં ઘણો ફેરફાર જોયો. તે આગળ જેવો હશમુખો હવે ન હતો. પાદશાહે એક દહાડે તેને પોતાના ખાનગી ઓરડામાં બોલાવ્યો અને તેનેથી તેનાં છુપાં દુ:ખના ભેદની હકીકત ચાહી. ફીરોઝનો બાપ એજ શાહનો આગળ વજીર હતો અને હાલ બુઢો હોવાથી તેને પોતાનો ઓધો છોડગો હતો. ત્યારથી તેના બેટા ફીરોઝે શાહની દરબારની લગામ હાથમાં પકડી હતી. ફીરોઝે જયારે શાહને એવી રીતે પુછતાં જોયો ત્યારે કાંઇ પણ ખરી વાત ન છુપાવતાં અવલથી તે આખર સુધી સઘળી બીનાએ તેને વાકેફ કીધો. પરીચેહેરની ખુબસુરતી અને બહાદુરીની તારીફ સહમજી શાહ ઘણો ખુશી થયો અને ફીરોઝને પ્યારથી કહ્યું, "અય બેટા, અગર તું જો પરીચેહેરને તારાં ખરાં જીગરથી

ચાહતોજ હોય અને તે તારો હાથ મેળવવાને લાયકજ હોય તો એમ બાયલાની માફક બેસીને રાત દીન ગમ ના કર. યાતો તેનો પાછો છોડી દઇ તારો સઘળો ગમ દૂર કર કે નહી તો તેને મેળવવાની કોશેશ કર. એમ હાય અફસોસ કરતાં કાંઇ વળવાનું નથી. પણ ઉલટો તું તારી દેહથી હલાક થશે. માટે બેહેતર કે રંજ મુસીબત વેઠી, મેહેનત ને જેહેમત માથે ખેંચી તું તારી બરી મુરાદો બર લાવ." શાહને મોઢેથી આવા સખુન સાંભળી ફીરોઝ ખુશી થયો અને શાહના હકમાં કેટલીક દુઆ ગુજારી તેની સલાહ પ્રમાણે ચાલવા કબુલ કીધું.

પ્રકરણ ૯ મું.

ફીરોઝની ફતેહ.

ફીરોઝે રચી એવી એક તાલ
કે ફાવ્યો તે જવાન તેમાં તત્કાલ
જવા પામ્યો પરીની પાસે તુરત
ખુશાલ બન્યો દેખી તે દુઃખી સુરત.

અંતે સઘળું નક્કી કરી પોતાનાં વહાલાંઓની રજા લઇ ફીરોઝે ઇસફ્હાન છોડી કેરમાનનો રસ્તો લીધો.

જયારે તે લગભગ કેરમાન જઇ પહોંચવાની તૈયારીમાં હતો ત્યારે તેને બે સવારો કેરમાન જતા મલ્યા. તે પણ તેઓની સાથે સાથે ચાલ્યો. તેમાંનો એક બોલ્યો. "પણ તે બેઅદબ પરીચેહેર મારો હાથ કબુલ કરતી નથી, અને કોઇ બેગાના ફીરોઝનું નામ પોતાના લબપર રાત દહાડો લેછે. હું તેના કાકાનો છોકરો છું, હાકમ પણ પોતાની છોકરીપર ઘણો કફા થયોછે.

તે બેગાના મરદના પ્યારમાં તેણી દેવાની બની ગઇછે અને કોઇ સાથ સીધી રીતે વાતચીત વગીક કરતી નથી. કોઇ પણ કાબેલ હકીમોની દવા તેનીપર કારગાત લાગની નથી."

"પણ તે ફીરોઝ કોણ છે? કયા નાપેકારે પરીચેહેર જેવી નાજનીનપર પોતાની પાપી ચશમો ટેકવીછ?"

ફીરોઝ ઉપલી વાત વધારે ધ્યાનથી સાંભળવા લાગો. તે જાણતો હતો કે આતો તેને પોતાનેજ મારે હતું. જાણે તે કાંઇ તે લોકની વાત સમજવામાં ભાગ લેતોજ નહી હોય તેમ બીજી બાજુ મોઢું કરી ચાલ્યા કીધો. ત્યારે આ બેગાના સખ્ખસનાંનો પહેલો તો પરીચેહેરનો ખાવીંદ થનાર હતો. ફીરોઝ પરીચેહેરની સઘળી વાતે વાકેફ થયો. જયારે તે પેલા મુસાફરોથી છુટો પડયો ત્યારે તેણે એક તાલ રચી અને પોતાને હકીમ તરીકે ઓળખાવવાનો કસદ કીધો.

કેરમાન શેહેરની ખુબસુરતી, ખુશનુમા આબોહવા નવા આવનારને આનંદ પમાડે છે. ઠામે ઠામ લીલા લેહર થયલા બાગનાં ખુશબોદાર ફુલોનાં ઝાડોની ડાળીપર બુલબુલ અને બીજા સુંદર પીછાંનાં દીલકશ પક્ષીઓ કુદતાં, રમતાં, તથા ખુશનુમાં અવાજથી ગાતાં હતાં. તે રમણીય

દેખાવ એક માણસના આંગને તાજગી બખશે છે. તે મનમોહન, અને દીલકશ દેખાવ જોઇને ફીરોઝ પોતાનું અરધું દુઃખ ગોયા વીસરી ગયો. હવે કયાં જવુ અને કેવી રીતે પરીચેહેરની તલાસ કરવી તેના વીચારમાં તે ગરક થયો.

એ મીસાલે અનેક ભમતા વીચારોમાં તેનું મગજ ગોટાં ખાતુ હતું, એવામાં એક ઓરત ત્યાંથી પસાર થઇ. ત્યાંની રાહ રસમ પ્રમાણે ફીરોઝે તે ઓરતને કુનસ બજાવી સલામ કરી. તેણીએ મનમાં વીચાર્યું, "એ મરદ કોઇ પરદેશી હોવો જોઇએ, અને એને માલમ નથી જે ધર્મશાળા કયાં હશે. માટે એ બેગાના મરદને રસ્તો દેખાડવો જોઇએ." એમ વીચારી તેણી ફીરોઝ પાસે ગઇ અને પુછ્યું, "અય જવાન તું આ દેશમાં મુસાફર છે? તને અહીંની ધર્મશાળા ખબર નથી? તારૂં મુબારક નામ શું છે?"

"ઓ માદર હું પરદેશથી અહીં આવેલો છું. અહીં મારૂં કોઇ ઓળખાણ પીછાણવાળું નથી. મારૂં નામ જામાસ્પ છે, હું મીસર શેહેરનો રહેવાશી છું, અને મને ધર્મશાળાનો રસ્તો ખબર નથી. ફીરોઝે નરમાસથી ઉતર આપ્યો.

"તું શા માટે અદેશો કરે છે? અમારા મુલકમાં મુસાફરોને

માટે ધર્મશાળા છે. હું તને રસ્તો દેખાડીશ. અગર તું વેપારને ખાતર અહીં આવ્યો હશે તો તેઓ તને ખુશીથી ત્યાં આવકાર દેશે." તે ઓરત સડકની બીજી બાજુએ નજર કરતી બોલી.

"ઓ માદર! હું કાંઇ વેપારને ખાતર અહીં આવ્યો નથી. હું હકીમી તથા નજુમી કામમાં ઘણો કાબેલ છું. અને દરએક જાતનાં દરદોની દવા કરી શકું છું. મે કેટલાંએક દીવાનાંઓને હુશીયાર કીધાં છે. અગર અહીં કોઇ પણ માણસ ઉપર કોઇપણ જાતની આફત આવી પડી હશે તો હું તેનો ઇલાજ કરીશ. હું હમેશ શેહેરે શેહેર ફરીને દરએક દુખીઆ માણસને સારાં કરૂં છું."

તેને એ માફક બોલતાં સાંભળીને તે ઓરત ઘણી ખુશી થઇ, અને કહ્યું, "ઓ દાનાવ મરદ! તું કાંઇ અંદેશો ના કર. હું તને મારા ઘરમાં ઉતારો આપીશ, અને તારી સારી રીતે ખીદમત કરીશ. મને તારી સાથે કામ છે." એમ કહીને તે પોતાના ઘરમાં લઇ ગઇ, અને તેના ઘોડાને તબેલામાં બાં નોકરને હુકમ કીધો. ખાણું ખાઇ રહ્યા પછી તે ઓ કહ્યું.

"અય હકીમ, અગર કોઇ પ્રમાણે પરણવા માગતી નહી

હરદમ જારી કરતી હોય તો તુ તેણીને હુશીયાર કરીને તેણીના બાપના કહ્યા પ્રમાણે કરી શકશે? અગર જો એ કામ તારેથી થાય તો હું તને ઘણું ઇનામ બક્ષી તારી ઘણી આબરૂ વધારીને તારા મુલક તરફ રવાના કરશ."

ફીરોઝે કહ્યું, "અગર હું તે ઓરતનું નામ તથા તેણીના ધારેલા ખાવીંદનું નામ જાણું તો હું મારા ઇલમથી તેઓને એકએક સાથે એવી રીતે રાજી કરીશ કે તેઓ કોઇ પણ દીવસ જુદાં થવાને ચાહે નહી. બીજું મને પૈસાની કે ઇનામની જરૂર નથી. હું જે કામ કરૂંછ તે ફકત સવાબને ખાતર, અને નહી કે જરને ખાતર. મારી પાસે બેસુમાર ખજાનો છે."

તે ઓરત વધુ ખુશી થતી બોલી, "તેણીઆ શેહેરના હાકમની બેટી છે અને તે પરીચેહેર નામ ધરાવે છે. તેણીના બાપની તેણી એકજ બેટી છે તેણીના ધારેલા ખાવીંદનું નામ મીનોચેહેર છે.

ી માફક રડન કરે છે અને પોતાના લબપર ફીરોઝ નામના

નનું નામ વારેઘ ગે લેછ."

ામ ંજ ફીરોઝનું સઘળું દુઃખ

કહ્યું, "ઓ માદર! તું એ

મારા ઇલમથી તેણીને પોતાના

ખાવીંદ સાથ રાજી કીધા વગર રહેવશ નહી. લેકેન તેણી એવે ઠેકાણે હોવી જોઇએ કે હું તેણીને જોઉં પણ તેણી મને જોય નહી. અને એવી સરતે કે એ વાતથી હાલ કોઇ પણ સખસ વાકેફ થાય નહી."

તેણીએ કહ્યું, "તું એ વાતથી કાંઇ પણ ફીકર કરતો ના. હું કોઇ પણ શખસને એ બાબદથી વાકેફ કરવાની નથી. હું પરીચેહેરની ફુઇ છું, અને હાકેમે મને પોતાની બેટીને સમજાવવાનું કામ સોંપ્યું છે. વળી જે ઓરડામાં તેણીને રાખવામાં આવી છે તેની પાસેનું મકાન ખાલી છે, અને તેની ચાવી મારી પાસે છે. તે બને મકાનની વચ્ચે એક દરવાજો છે જેની ફાટમાંથી તે ઓરડામાંનો સઘળો દેખાવ આપણી નજરે પડેછ. માટે તને દરૂસ્ત લાગે તો તેમાં રહી તારા હલમતનું જોર અજમાવ, અને તેને ગુમરાહી છોડાવી સીધી રાહપર લાવ. અગર તું એ કામમાં ફતેહમંદ નીવડશે તો આપણે હાકમ પાસે જઇ એ વધામણીથી તેને વાકેફ કરીશુ."

અતે સઘળું નકી થયું. ફીરોઝ પરીચેહેરની પાસેનાં મકાનમાં દાખલ થયો અને બહારના દરવાજા મજબુત કરી દીધા. જે અંદરના દરવાજાના અંતરથી તે તેની પ્યારી પરીચેહેરથી દુર હતો તે ખોલવાની તેને કોશેશ કરી અને તેમાં તે ફાવ્યો. જયારે તે

દરવાજો ખુલ્યો અને ફીરોઝ અને પરીચેહેર એક બીજાને ટીકતાં ઉભાં ત્યારે તેઓનાં જીગરમાં ફેલાયલી ઉલટ અને હરખના ઉભરાનો ખ્યાલ કોણ આપી શકશે?

પરીચેહેર ફીરોઝને જોતાંવાર ચોંકી. તેનેથી ખુશીની એક ધીમી ચીસ પડી ગઇ અને બીજી પળે ફીરોઝના હાથમાં ડુસ્કે ડુસ્કે રડતી ઉભી.

"મારાં જીગર, તું હીમત પકડ. હવે તને વધુ વાર એવું દુઃખ હું ખમવા દેનાર નથી. હું અહીં હકીમ તથા નજુમી હોવાનો ઢોંગ કરી તારી ફુઇ તરફથી આવવા પામ્યો છું. હવે વખત ખોવાનું કંઇ કામ નથી. કાલે બામદાદે તું તૈયાર રહેજે. હું બે ઘોડા તૈયાર રાખશ અને આપણે અહીંથી પોબારા ભાપી જઇશું. તું તે વખતે તૈયાર રહેજે. એકવાર આપણે કેરમાન શેહેરથી બહાર પડયાં એટલે પછી આપણને કશી રીતની ફીકર નથી." અરસપરસ થોડીક વાતચીત કર્યા પછી ફીરોઝ પરીચેહેરથી છુટો પડયો અને પાછો વચલો દરવાજો ઓસ્તવાર બંધ કરી પોતાના નજુમી કામનાં ઢોંગ પાછળ મંડયો. જયારે પરીચેહેરની ફુઇ તેને મળી ત્યારે તેને તેણીને ખાતરી આપી કે પરીચેહેરનાં મનપર સેહેજસાજ અસર થવા માંડી છે અને બે દહાડામાં તો તેણી તદન આગળ માફક થશે. આ સમજી તે ફુઇ ઘણી ખુશી થઇ અને

શીરોઝને સાબાશીના કેટલાક સખુનોથી વધાવી લીધો. જાત જાતના સ્વાદીષ્ટ પકવાનોને તેઓ સારી પેઠે ઇનસાફ આપવા લાગાં. પરીચેહેરની ફુઇ શીરોઝની બરદાસ્ત લીધામાં કાંઇ બાકી રાખતી ન હતી.

પ્રકરણ ૧૦ મું.

મીનોચેહેર.

ફીરોઝ જ્યારે હતો શુરો પહેલવાન
ને મરદાનગીનાં કામમાં ખરો હીમતવાન
મીનોચેહેર ત્યારે હીચકારો હતો
મરદાનગીનાં મેદાનમાં બાયલો હતો.

જ્યારે રાતને વખતે તે પેલી વહેમી ફુઇથી છુટો પડયો ત્યારે તેને એવું કહ્યું હતુ કે રાતને વખતે નજુમી કામ ઘણું કારગત લાગતુ હોવાથી તે હવે પાછો પોતાનાં કામ પાછળ મંડશે. જ્યારે ફીરોઝે તે ઓરતને એવું સમજાવ્યું હતુ ત્યારે તે તો જુદાંજ કામ કાજમાં ઘોંટાયો હતો. તે બામદાદે પરીચેહેરને નસાડી લઇ જવા માટેની તૈયારી કરવાનાં કામ કાજમાં રોકાયો હતો. તે આખી રાત તે મુદલ ઉંઘાયો ન હતો. જ્યારે બામદાદે મરઘાએ પોકાર મારી બામદાદનો વખત જાહેર કીધો ત્યારે ફીરોઝ તે હીંગામને

માટે તૈયાર રાખેલા બે ઘોડાઓને લઇ આવ્યો અને ઘરની પછવાડે ઉભા રાખ્યા. પોતાની પ્યારી પરીચેહેરના ઓરડાના દરવાજે તેને ઉઘાડયો. પરીચેહેર ગોઠવણ મુજબ તૈયાર થઇ ઉભી હતી. અંતે સઘળું નક્કી થયું અને ફીરોઝ અને પરીચેહેર ઘોડે સ્વાર થઇ પછવાડેની વાડમાંથી મેદાનમાં ઉતરી પડયાં. હવે પરીચેહેરને કાંઇ ફીકર ન હતી. હવે તે એક પક્ષીની માફક છુટી હતી. હવે કાંઇ તેના જુલમી બાપનો વધુ વખત જુલમ ખમવાનું તેના નસીબમાં સરજેલું ન હતું. હવે તેને કોઇની બીહક ન હતી, કારણ તેના પ્યારા ફીરોઝના બુલંદ છાયા તળે તેણી ગમે તેવા દુશમનોના હાથથી સહી સલામત હતી. હવે દુઃખનો દરીયો તે કાપી સંપુર્ણ સુખનાં સાગરમાં પોતાની કીસ્તી ઝોકાવવાની હતી. પોત પોતાપર વીટેલી ગઇ ગુજરીની યાદ કરતાં તેઓ આગળ રસ્તો કાપતાં હતાં. પવનની ઠંડી લેહકી ફુંકતી હતી. આસપાસનાં ખેતરોમાંથી પક્ષીઓના મધુર અવાજે ગાવાના સરોદ કાને પડતા હતા. તેની સાથે પવનના જોરથી હીલતી ઝાડની ડાંખલીઓનો અવાજ વધુ મનપસંદ થઇ પડતો હતો. હવે તે ખેતરોની પાસેથી એક નાની નદી વહે છે, જે નદીનાં મીઠાં પાણીથી આસ-પાસનાં રળીયામણાં ખેતરો ખીલે છે. જયારે તે નદીમાં ભરતી થતી હતી ત્યારે રાહદારીઓને કીનારે બેસી રહેવું પડતું હતું, અને

જ્યારે પાણી ઓસરી જતું ત્યારે તેઓ પોતાની મંજલ કાપવી પાછી શરૂ કરતા હતા. તેથી રાહદારીઓ બનતાં તલક ભરતી ને ઓટનો વીચાર કરી નીકળતા હતા કે વધુ વખત ખોટી થવું પડે નહી. પણ ફીરોઝને તેમ વીચાર કરવાનો વખત ન હતો, અને સહવાર પડે એટલે તો શેહેરમાંથી નીકળી શકાયજ નહી તેથી તે ભરતીની દરકાર કર્યા વગર નીકળ્યો હતો. આ વખતે પાણીની ભરતી હતી અને હાલ તે ઓળંગી પેલે પાર જવાય તેમ ન હતું. માટે જ્યાંવેર પાણી ઓસરી જાય ત્યાંવેર કીનારાપરજ પડાવ નાખવા વીના ચારો ન હતો.

"ફીરોઝ, આપણને લગભગ ત્રણ કલાક સુધી અહીંજ થોભવું પડશે, તેટલામાં કદાચ મારા પેદરને આપણા નાસી આવ્યાની ખબર થશે તો તે આપણને પકડવા જાસુસો દોડાવશે. માટે આપણને આપણી હુશયારીમાં રહેવું જોઇએ." પરીચેહેર પોતાના ઘોડાપરથી ઉતરી લીલાં ઘાસવાળી જગ્યાપર ફીરોઝ સાથે બેસતાં બોલી.

"પ્યારી પરીન, એકવાર તને હું તારા બાપીકા ઘરમાંથી અહીં લાવવા પામ્યોછ એટલે હવે મને કશી બીહક નથી. તને એકવાર મારી તરીકે લાવવા ખાતર મને સાતે હફતેખાન કુદાવવાં પડશે

તોપણ હું ડરીશ નહી." ફીરોઝ પરીચેહેરને દીલાસો આપતો બોલ્યો.

આશરે બે કલાક એમ વાતો કરવામાં તથા ભવીષ્યના વીચારો કરવામાં નીકળી ગયા. પરીચેહેરની આગાહી ખરી પડી, કારણ હવે તેઓને દુરથી ઘોડે સ્વાર માણસોના આવતા આકાર દેખાવા લાગા. તેઓ તુરત ઉઠયાં અને પોત પોતાના ઘોડાપર સ્વાર થઇ પોતાના હમનબરદોની સામે થવાની તૈયારી કરવા લાગાં.

આણીગમ જયારે સહવારના પહોરમાં પરીચેહેરના ઓરડામાં રાબેતા મુજબ તેણીની મા દાખલ થઇ અને જયારે પોતાની બેટીને ત્યાં જોઇ નહી ત્યારે તેણીએ રમખાણ મચાવી સઘળાંને ભેગાં કીધાં. હાકેમે ઘણી શોધ ખોળ કીધી. અંતે ભરમ ફુટયો. ફુઇએ જાહેર કીધું કે "મીસર દેશના હકીમજી પરીચેહેરને પાછી અસલી હાલતપર લાવનાર હતા, તેવણ પણ ગુમ થઇ ગયાછ." સર્વેની લાગણી ઉશકેરાઇ. હાકેમ પોતાની બેહેનપર ઘણો કફા થયો. તેને અટકળ કીધી કે પરીચેહેર ઇસફહાન તરફ નાસી ગઇ હશે અને તુરત પોતાના ભત્રીજા મીનોચેહેરને તેઓની દુંબાલે જવાને હુકમ કર્યો. મીનોચેહેર જુઠી ડંફાસ મારી જાણતો હતો પણ બાતેનથી તે એક હીચકારો હતો. અને તોપણ પરીચેહેરનો બાપ

પોતાની બહાદુર બેટી સાથે તેના નેકાહ કરાવવા નીકલ્યો હતો. પહેલાં તો તે પરીચેહેરની પુઠ પકડવા જતાં બીહધો, ધ્રુજ્યો; પણ પોતાના કાકાને ઘણો ઉશકેરાયલો જોઇ અંતે લાચારીથી પોતાના એક સાથીને લઇ નીકલ્યો. ત્યારે દુરથી આપણા ફીરોઝે જે ઘોડે સ્વારોના આકાર જોયા હતા તે તેઓજ હતા.

જયારે નવા હરીફો સામા આવી ઉભા ત્યારે પરીચેહેરે ફીરોઝને નીશાણી કરી મીનોચેહેરને ઓળખાવ્યો. ફીરોઝે તેને તુરત ઓળખી કાઢયો કારણ જયારે તે ઇસફહાનથી પરીચેહેરને લેવા જતો હતો ત્યારે રસ્તામાંજ જે બે મુસાફરો મલ્યા હતા તેમાંનો તે એક હતો. તેમજ મીનોચેહેરે પણ ફીરોઝને ઓળખ્યો.

મીનોચેહેર લગાર હીમત એકઠી કરી પરીચેહેરના ઘોડા આગળ આવ્યો અને બોલવા લાગ્યો.

"અય બેઅદબ દુકતી, તને બેગાના મરદ સાથે રાતને વખતે તારાં બાપીકાં ઘરમાંથી છુપી રીતે નાસી જતાં શરમ નથી આવતી? હવે તું જોજે તારો બાપ તને કેવી સજા પહોંચાડેછ? ચાલ અતર ઘડી મારી સાથે પાછી ફર અને કેરમાન શેહેર તરફનો રસ્તો લે—"

હજી તો તે વધુ બોલવા જતો હતો તેટલામાં ફીરોઝ વચમાંથી નીકળી આવ્યો અને પોતાના ઘોડાને છેક મીનોચેહેરના

ઘોડાની પાસે લઇ જઇ થથરાવી નાખનારા અવાજે બોલ્યો.

"અય હીચકારા, તારી પાપી જબાનને તારા કાબુમાં રાખ. અગર તું ફરીથી પરીચેહેરનું નામ વટીક તારા પાપી હોઠપર લેશે તો તને તારી જવાન જીંદગીથી સદાના હાથ ધોવા પડશે; માટે જો તને તારો જાન પ્યારો હોય તો તારે રસ્તે પાછો ફર, નહીતો નકામો મારા ગુરજના જરબનો ભોગ થઇ પડશે. પરીચેહેર મારી છે અને અમારી વચ્ચે આવનારને અમે ઘટતો સ્વાદ ચખાડવાને ચુકીશું નહીં. જા તારા અસફંદીયાર હાકેમને કહેજે કે ઇસફહાન શેહેરનો ફીરોઝ તે હું પોતે છું. પરીચેહેર હવેથી મારી મોહોરદાર છે. સેતાબીથી તુ અહીંથી પાછો ફર. પણ અગર મોતનો જાલમ જમ જો તારાં મગજપર ભમતોજ હોય તો પરીચેહેર વીષે વધુ બોલવાની હીમત કર અને એમજ જાણ કે તને તારી જીંદગીને સદાની સલામ કરવી પડશે અને તારાં મા બાપ તારાં મોતપર માહેતમ કરતાં રહેશે."

આ રવેસના ફીરોઝના સખુનો મીનોચેહેર જેવા હીચકારાને ધ્રુજાવી નાખવાને પુરતા હતા. તે બે કદમ પાછળ હઠ્યો. પરીચેહેરથી હાથ ઉઠાવવાનો તેને કસદ કીધો. તે કાંઇ પરીચેહેરને ચાહતો ન હતો, અને તોપણ પોતાના કાકાની માગણી કબુલ

કરી તેના પાક હાથની તે ઉમેદવારી કરવા બહાર પડયો હતો. પરીચેહેર જેવી નાજનીનને ખાતર તે પોતાની જીંદગીને જોખમમાં નાખે ને હીમતથી લડે એવો તે આસામીજ ન હતો. તેનામાં એટલી હીમતજ ન હતી. તે એક બહાદુરના લેબાસમાં છુપો હીચકારો હતો. તે તુરત પાછો હટયો અને બોલ્યો.

"પરીચેહેર જેવી નાજનીન મારા કેરમાન શેહેરમાં ઘણી છે, જેઓ મારા હાથની ઉમેદવારી કરવા તૈયાર છે. એક ઓરતને ખાતર હું મારો હરગેઝ જીવ જોખમમાં નાખનાર નથી. હું તેણીથી હાથ ઉઠાઉંછ."

પરીચેહેરને તો વકીન હતી કે મીનોચેહેર તુરત બાહી ધ્રુજીને પાછો ફરશે; અને તેમજ થયું. એટલા સખુન બોલતાં તેને પોતાના સાથી સાથે મસલત કરી કેરમાન શેહેરનો પાછો રસ્તો લીધો. પહાડો અને ખીણો વટાવી જયારે તે હાકેમ પાસે ખાલી હાથે પાછો ફર્યો ત્યારે હાકેમ તેનીપર ઘણો કકા થયો, અને તેને ધીકારના સખુનો કહેવા મંડયો.

'અય હીચકારા તારામાં એક ઓરત જેટલી પણ હીમત નથી. ખરેજ મારી બેટીના ખાવીંદ તરીકે તને પસંદ કરવામાં મારી મોટી ભુલ હતી, અને તે હવે મને જયારે તારાં હીચકારાં પણાનો નાદર નમુનો જોઉંછ ત્યારે અસુરે માલમ પડેછ."

"શું હું એક ઓરતને ખાતર મારો જીવ જોખમમાં નાખુ કે? તે ફીરોઝે મને ત્યાંજ ઠાર કરવાની ધમકી આપી, તેથી હું વધુ રકજીદ ન કરતાં તેઓનો પીછો છોડી અહીં ચાલી આવ્યો." મીનોચેહેર ધ્રુજતો ધ્રુજતો પોતાનો હીચકારો બચાવ કરવા મંડયો.

"અતરઘડી તારૂં કાળું કર. તારી સીહા સુરત મારી આગળથી બાળ. એક મરદના મોહડામાં આવા હીચકારા સખુનો લાયક નથી. તારા જેવા હીચકારાને મરદ કહેવો સજાવાર નથી. 'આજ પછી તારૂં કદમ મારા ઘરમાં લાવતો ના." હાકેમે ગુસ્સે થઇને ગુલામોને હુકમ કીધો કે મીનોચેહેરને બહારનો રસ્તો દેખાડે. તે દહાડેથી હાકેમે મીનોચેહેરને નીવારી મુકયો.

પ્રકરણ ૧૧ મું.

એક આફત.

ખુબસુરતીથી અંજાયો સરદાર તુરત
દંગ થયો દેખી પરીની સુરત
જુલમગાર જાલેમે લંબાવ્યો દસ્ત
પણ નાર પતીવ્રતાથી પામ્યો શીકસ્ત.

આણીગમ જયારે નદીમાં ઓટ થઇ અને સઘળું પાણી ઓસરી ગયું ત્યારે ફીરોઝ અને પરીચેહેરે મીનોચેહેરનાં હીચકારાંપણાપર હશી મોજ મેળવતાં પોતાની મંજલ કાપવી ચાલુ કીધી. પાણી તદન ઓસરી ગયાથી નદી ઓળંગી બીજી પાર આવતાં તેઓને ઝાઝી મેહેનત પડી નહી. જયારે તેઓ પાછાં સુકી જમીનપર આવી લાગાં ત્યારે તેઓએ પહાડો અને ખીણોમાં પોતાના ઘોડા બેધડક દપટાવ્યા. તેઓ હવે એમજ સહમજતાં હતાં કે હવે તેઓનાં સદાનાં સુખની આડે આવનાર કોઇ ન હતું, હવે તો તેઓને ફકત ઇસફહાન જઇ જેમ બને તેમ જલદી નેકાહ કરી મોહબતનાં

પ્યાલાંમાંથી શરબત પીવાનુંજ બાકી હતું; પણ તેમાં તેઓની ભુલ હતી. કદાચ તે પાક મોહબતનાં મીઠાં શરબતનું પ્યાલું હજી પણ કાંઇ સંજોગોથી ઢોળાઇ જાય અને તેઓ પોતાના હોઠ સાથ તે અઢડાવવા પામેજ નહી. ઇનસાન ચાહેછે એક, ત્યારે તે સર્વ શકતીમાન કરેછે બીજું. એતો કુદરતનો ચાલુ નીયમજ છે, અને તેની સામે થવાને લાચાર આદમજાત તદન અશક્ત છે. આપણાં આ મોહબતવંતાં જોડાંના માથાંપર આફતની સીહા વાદળીઓ ઘુરકી રહી હતી. દરએક આફત યા દુઃખને માટે હરગેઝ ઇનસાનને આગાહી થતી નથી. તે તો સૌ પોતપોતાની જાલ બીછાવી વારા ફરતી ભોલા ઇનસાનને તેના ફાંદામાં ફસાવી દેછે. ફીરોઝ પોતાની પ્યારી સાથે પોતાનાં ભવીષ્યની વાતો કરતો રસ્તો કાપતો હતો. પવન જોરથી ફુંકતો હોવાથી રાહામાં મટોડાંનાં ગોટેગોટા ઉડતા હતા. પાસેની ઝાડીની ધીચ ઘટામાં માણસોનો વાતચીત કરવાનો અવાજ ફીરોઝને કાને પડયો, અને હજી તે વધુ ખાતરી કરવા તે તરફ નેગાહ કરતો હતો, તેટલામાં તો શક મજબુત થયો. તે ઝાડીમાંથી એક પછી એક એમ આશરે પચીસ હથીયારબંધ લુટારાઓનું ટોળું તેઓની આસપાસ ફરી વળ્યું. તેઓનો એક સરદાર હતો, જે તુરત તે ટોળાંમાંથી ઓળખાઇ આવતો હતો; કારણ તેનો પોશાક બીજાઓ કરતાં કીમતી હતો,

અને તે સઘળાને હુકમ કરતો હતો. તેના હુકમથી લુટારાઓ આ નવાં આવનારપર ધસ્યા. ફીરોઝ અને પરીચેહેર એકાએક આ નહી ધારેલો મામલો જોઇ દંગ થઇ ગયાં. પણ હીમત હારી ન ખાતાં તેઓએ પોતાની સમશેર તુરત મ્યાનમાંથી ખેંચી કહાડી દુશમનોપર ઉગમાવી. પણ તે જબરા જંગીઓનાં ટોળાં સામે તેઓ વધુવાર ટકી શકયાં નહી, કારણ તેઓમાંના એકે પછવાડેથી ફીરોઝને કમરપર એવોતો કારી જખમ કોધો કે તે તુરત બેશુધ હાલતે જમીનપર પડયો. પોતાના વહાલાને આવી હાલતે પહોંચેલો જોઇ પરીચેહેર ઘબરાટમાં પડી. તે વધુવાર ફાવી શકી નહી. તે સરદારના હુકમથી તેને જીવતીજ પકડવામાં આવી, અને તેને પોતાના ઘોડાપરથી નીચે ઉતારી તેના હાથ પગ મજબુત સીકડી લીધા. ફીરોઝના આંગપર જે કાંઇ કીમતી અસબાબ હતો તે તેઓએ લુટી લીધો અને તેની લાસને ત્યાંજ રહેવા દઇ તે સરદારના હુકમથી તેઓ પરીચેહેરને લઇ ચાલતા થયા. આ કપાણો એ પ્રમાણે રસ્તે જતા અનેક નીર્દોષ રાહદારીઓને લુટી તેઓને નીર્દયપણે રહેંસી નાખતા હતા. અને તોપણ તેઓનું પાપ હજી ફુટયું ન હતું. હજી તેઓ ધારાની ચુંગાલમાં સપડાયા ન હતા.

આખરે એક કલાકની મંજલ પછી તેઓ પોતાના છુપાવાનાં

રહેઠાણુ આગળ આવી પહોંચ્યા. તે બુલંદ પહાડોની કઢણુમાં કોતરી કાઢેલા અનેક ગોફાઓ હતા. જયારે સઘળા વગસગ થયા ત્યારે સરદારના હુકમથી લુટારાઓ પરીચેહેરના બંદ ખલાસ કરી તેને અરધી બેભાન હાલતમાં તેની હજુરમાં લઇ આવ્યા. પરીચેહેરની બેહદ ખુબસુરતીપર મોહી પડ્યાથીજ તે સરદાર તેણીને પોતાની સાથે જીવતી લાવ્યો હતો. તેણી જમીનપર ટીકતી ગમગીન ચેહરે મુગી ઉભી રહી.

"અય માહતાબને મુખંડની ખુબસુરત નાજનીન, તું હવે તારો ગમ મોકુફ કર અને ખુશાલ થા. આ તમામ લુટારાનો હું સરદાર છું અને મારી પાસે બેશુમાર ખજાનો છે. હું તને મારી મોહોરદાર બનાવીશ. આવ પ્યારી, બીહ ના, મારી પાસે બેસ અને તારા ગોલાબી રૂખસારપર મને મારા પવીત્ર પ્યારનું ચુંબન કરવા દે." એમ બોલતાં તે જુલમગાર સરદારે પરીચેહેરનો નાજુક હાથ પોતાના રાથોરી જેવા હાથમાં પકડ્યો અને તેને પોતાની પાસે બેસાડવાની કોશેશ કીધી.

પરીચેહેરે પોતાથી બનતું જોર વાપરી તેના રાક્ષસી હાથમાંથી પોતાનો હાથ છીનવી લીધો અને બે કદમ પાછળ હઠી હીમતથી બોલી.

"અય સરદાર, અગર તું મારો જાન લેશે તો પણ તું તારી એ બુરી નેમમાં ફાવનાર નથી. હું તારી અને તારા ખજાનાની લેસભાર દરકાર કરતી નથી. તું મારા જેવી એક લાચાર અબળાને ના સતાવ અને મને મારૂં છુટાપણું બક્ષ."

"અય મકરબાજ ઓરત, તારાં ફેલથી શું તુ ફાવી જવાની છે? તને હવે હું અહીંથી હરગેઝ જવા દેનાર નથી. તને મારી મરજીને આધીન થવું પડશે. માટે હજી પણ સહમજ. એમ સરકશી કીધામાં તારૂં કાંઇ વળવાનું નથી અને નાહક તું મારા ગુસ્સાનો ભોગ થઇ પડશે. માટે મારી પ્યારી મારો પવીત્ર પ્યાર કબુલ કર અને મારાં જળતાં જીગરને તારા મધુર સખુનથી ટાઢક આપ." એમ બોલતાં તે સરદાર આગળ વધ્યો અને પરીચેહેરની કમરમાં હાથ નાખવા લાગો.

પરીચેહેર એક ચીત્તાની માફક કુદકો મારી દુર જઇ ઉભી.

"અય અહેમક, તું તારી પાપી નેમથી હાથ ઉઠાવ. હું તારી એ બુરી મરજીને હરગેઝ તાબે થવશ નહીં. આગ લગાડ તારી સીહા સુરતને."

પરીચેહેરને મોઢેથી આવા સખુન સાંભળી સરદાર ઘણો ગુસ્સે થયો. તેને પોતાની સમશેર મ્યાનમાંથી ખેંચી કાઢી અને ચાહ્યું કે

પોતાની તેજ સમશેરથી પરીચેહેરનું સર તેનાં તનથી જુદું કરે. પણ તે લુટારાઓમાંનો એક જે સેહેજ માયાળુ લાગણી ધરાવતો હતો તે વચમાં પડયો અને સરદારને નસીહત કરવા લાગો.

"અય જેહાંપનાહ, તમારી બુલંદી આકાશવેર ચહડજો, અને તમારા દુશમનો નાબુદ થજો. તમારા કમીના બંદાની અરજ એ છે જે એક ઓરતપર પોતાની સમશેર ઉઠાવવી એ મરદાનગીનું કામ નથી. માટે એ કામથી તમે હાથ ઉઠાવશો તો તેમાં શોભા છે. બીજું, એ બાનું જેમ વખત જશે તેમ પોતાની ભુલ જોશે અને તમો જેવા શુરા સરદારનો હાથ કબુલ કરશે." એટલું બોલી તે લુટારો જેનું નામ હમીન હતું તે કુનસ બજાવી ત્યાં ઉભો રહયો.

"અય હમીન હું તારી સલાહપર અમલ કરૂંછ અને એ કામથી હાથ ઉઠાઉંછ. એ નાપેકાર ઓરતને સીહા ગારમાં કેદ કર, અને તેને ફકત દહાડામાં એકજ વાર ખોરાક પાણી પહોંચાડ. જયારે એ પોતાની જીદ છોડે અને મારી માગણી કબુલ કરે ત્યારે એને મારી આગળ લાવજે; ત્યાંવેર એ કમજાતની સીહા સુરત મારી આગળ ના લાવતો. તું પોતે તેના ગુફા આગળ રાત દીન ચોકી કરજે." સરદારથી આ કીસમનો હુકમ સાંભળી

હમીન સરદારને નમીને સલામ કરી પરીચેહેરને પોતાની સાથે લઇ ગયો, અને એક અંધારા ગારમાં તેને રડતી, કુટતી, બાલ પીખતી મુકી.

પ્રકરણ ૧૨ મું.

વીલાપ.

જુદાઈના જખમથી જળેછ મુજ જીગર
હાય ! કોણ મુજને આપશે પરીની ખબર
ફુટયું રે ફુટયું મુજ નસીબ હયાં
પરીન મારી પ્યારી તું ફસી છે કયાં ?

આણીગમ ફીરોઝ પોતાના જખમથી રીબતો બેશુધ હાલતે લોહીથી લાલ થયલી ખાકમાં પડેલો હતો. તેનાં આંગપર જે કીમતી અસબાબો હતા તે તથા તેનો ઘોડો વટીક લઇ જવાને તે નીર્દય લુટારાઓ ચુકયા ન હતા. ફીરોઝને તેઓ મુએલો જાણી તેને ત્યાંજ પડતો મુકી ગયા હતા. જયારે લાંબે વખતે ફીરોઝ શુધ્ધીમાં આવ્યો ત્યારે તેને પોતાની પ્યારી પરીચેહેરને ત્યાં જોઇ નહી, તેમજ ઘોડો પણ ત્યાં ન હતો. તેનામાં ઉઠવાની તાકાત ન હતી અને જયાંવેર કોઇ માયાળુ રાહદારી તેને આવી હાલતમાંથી

બચાવે ત્યાંસુધી તેને કોઇની મદદ વગર હાય વાય કરતાં ત્યાંજ પડી રહેવાનું હતુ. તેને થતાં અતીશ્ય દુ:ખથી તેને બે ઘડીનો પણ કરાર ન હતો. તે ધીમે સાદે કાંસતો હતો અને તેને થતાં દુ:ખના કકલાટથી એક નીર્દયમાં નીર્દય માણુસની પણ કઠણ છાતી પીગળી શકે. એક ગમથી જયારે તેને પોતાનું દુ;ખ હતું ત્યારે બીજી ગમથી તેને પોતાની પ્યારી જેને ખાતર તે આટલી જેહેમત ખેંચી ત્યાં આવ્યો હતો તે યાદ આવતી હતી. પરી-ચેહેરનો શું બુરો હાલ થતો હશે તથા તેણી કેવી આફતમાં આવી પડી હશે તેનો જયારે ખ્યાલ ફીરોઝના મગજપર આવતો હતો ત્યારે તેનું દુ:ખી જીગર વધુ જોરથી જખમાતુ હતું, અને તેને બેકરાર બનાવતું હતું. લોહી જવાના સબબથી તે ઘણો નાતવાન થઇ ગયો હતો અને જે તેના મનમાં આવતું તે બોલી પોતાનાં બેહદ દુ:ખનો ઉભરો તે ખાલી કરવા લાગો.

"હાય. પરીચેહેર, મારી આંખનાં નુર, મારાં જીગર, તું કયાં છે? તું કોણ બદમાસના હાથમાં સપડાઇછ? તારીપર કેવો જુલમ ગુજરતો હશે? તું કોણ મુજીને ત્યાં પડેલી છે? તું કયા સીલા ગારમાં દુ:ખ ખમતી પડી છે? અફસોસ. મારૂં આવી બન્યુંછ. મારી અજલ નજદીક આવીછ. ઓ પ્યારી તને

તારા બાપના ઘરમાંથી લાવતી વખતે મેં આવા બુરા બનાવની કદી વકી રાખી ન હતી. આ શું થયું ? મારૂં જીવતર રદ છે. આ જગમાં હું કોઇને મોંહ દેખાડી શકશ નહી. ઓ ખુદા, મારી પરીચેહેરને એક વખત ફરીથી મળું એવી મારાં આ દુઃખી જીગરની જીજ્ઞાસા છે. ઓ અહુરમઝદ, તું અમારો નેઘેહબાન થજે. પરીચેહેર, મારી પ્યારી, તું કયાં છે ? તારા સીવાય હું શું કરૂં ? હું કયાં જઇ મરૂં ? તારી હાજરી વગર તમામ આલમ મને સીહા માલમ પડેછ. કમનસીબ તે ચોઘડીયું જયારે હું તને તારા બાપીકા ઘરથી લાવ્યો. ઓ પરીચેહેર, મારી પ્યારી તને ત્યાંથી લઇ આવવામાં મારી નેમ ભલી હતી, અને ભવીષ્યના સુખની આશા હતી, પણ હવે તે એકજ તડાકે સઘળી કચડાઇને ભશમ થઇ ગઇ છે. સુખના સાગરનું ટીપું હજી હું તને ચખાડવા પામ્યો નથી, તેટલામાં આ ન ધારેલી આફતે દુઃખના ઉંડા ગારમાં તને હોમાવીછ. ઓ પરવર, દુઃખના ટાળનાર દયાળુ બાપ, તું અમને સહાય થા.”

આખો વખત ફીરોઝ એ પ્રમાણે બડબડાટ કરતો હતો. તે બીયાબાન જંગલમાં સર્વ શકતીમાન બાપ સીવાય તેને સહાય થનારૂં તે વખતે ત્યાં કોઇજ ન હતું. ફીરોઝમાં એટલી પણ તાકાત ન હતી કે તે તપતા સુરજના સખત તડકાથી પોતાનો

બચાવ કરવા પાસેનાં કોઇ ઝાડ તળે જઇ બેસે. ઇનસાન ગમે તેવો નગુણો હોય છે અને પોતાના પાલન કરનારનો ઉપકાર વીસરી જાય છે તોપણુ અહુરમઝદ તેને વીસારતો નથી. બપોરનો સખત તડકો ખમ્યા પછી ત્યાં એક કેરમાનથી ઉપડેલો મુસાફરોનો કાફલો આવી લાગો. ફીરોઝની આવી બુરી હાલતપર તેઓને ઘણી દયા ઉપજી. તેનાં મોંહપર ઠંડું પાણી છાંટી તેને મીઠાં શરબતનું પ્યાલું પાઇ વધારે હુશીયાર કીધો, અને તેઓમાંના એક જઇફ ખેડુત મુસાફરે તેની હાલતપર દયા લાવી તેને પોતાનાં નજદીકમાંજ આવેલાં ખેતરમાં પોતાને મકાન લઇ જઇ ત્યાં તેની સારવાર કરવાનું માથે લીધું. સઘળાએ મળી એક નરમ બીછાનું તૈયાર કીધું અને તેને એક નાની ખાટલીપર બીછાવી તેપર ફીરોઝને સંભાળથી સુવાડયો અને તે બુઢા ખેડુતને ઘર લઇ ગયા, જયાં તે ઘરની બુઢી માલેકે પોતાના ધણીના હુકમથી ફીરોઝની ઘટતી બરદાસ્ત કરવા માંડી.

પ્રકરણ ૧૩ મું.

એક મેળાપ.

દુઃખી ને દરદીની દાઝનો લેનાર
ભુખ્યાં ને તરસાંનો પાલણ કરનાર
વીપતી ને વધનો ફુળે ટાળનાર
એકજ તે બેઠો છે મોટો દાદાર.

પરીચેહેર તે સીહા ગારમાંજ રીબતી પડી હતી. દહાડામાં એકવાર તેને ખોરાક પહોંચાડવામાં આવતો હતો. તે શીરોઝને મુએલોજ ધારતી હતી અને તેને માટે રાત દન રડન કરતી હતી. ત્રણ દહાડા એમ નીકળી ગયા અને ચોથે દહાડે તે સરદારે ખુદા હમીનને પરીચેહેરને લાવવાને હુકમ કીધો. તે ધારતો હતો કે પરીચેહેરે હવે પોતાની જીદ છોડી હશે અને તેણીપર દુઃખ વીટયાથી હવે તેની માગણી તેણી કબુલ કરશે. ખુદા હમીને પરીચેહેરને સરદારની સનમુખ લઇ જઇ ઉભી રાખી. પરી-

ચેહરે તે સરદારપર નજર વટીક ફેંકી નહી અને નીચી મુંડીએ જમીનપર જોતી ગમગીન હાલતે ઉભી. તેની આંખ વારેઘડીયે રડયાથી સુજી આવી હતી.

"અય ઓરત, કેમ તેં તારી જીદ છોડી કે? ગુમરાહી તજી સીધી રાહપર આવ. તારી ભુલમાં વધુવાર ગોટાં ન ખાતાં તે ભુલ સુધાર અને મારો પાક હાથ કબુલ કર. તેમાંજ તારી શોભા છે, તેમાંજ તને સુખ છે અને તેમાંજ તને સઘળું છે. કેમ બીરાદરો મારૂં બોલવું રાસ્ત છે કે ની?" તે સરદાર પોતાના લુટારાઓ તરફ ફરીને બોલ્યો.

સઘળા લુટારાઓએ કમરમાંથી વાંકા વળી હાથ જોડી કુનસ બજાવી યાને એવુ બતાવવા કે સરદારનુ બોલવું રાસ્ત છે અને તેવણના રાખુનને તેઓ માનની નજરે જુએ છે.

"અય સરદાર, મારો જે જવાબ પહેલો છે તેજ છેલ્લો પણ થશે. હું હરગેઝ મારા વીચારથી ફરનાર નથી. હુ તારી પલીદ માગણી કબુલ કરૂં એવી તું આશા રાખતો ના. એકબારગી તું મારો જાન લેવાની ધમકી આપશે તો તેથી કાંઇ હુ ડરી જનાર નથી. મારે મનસે જીવવું યા મરવું સર્વે સરખું છે; માટે તું વધુ વખત મને ના સતાવ."

પરીચેહેરને મોહડેથી આવા સખુન સાંભળી તે સરદાર ઘણો કડ્ઢા થયો અને તુરત હુકમ કીધો; "અય હમીન, એ નાપાખ ઓરતને પાછી તેજ સીહા ગારમાં લઇ જા. એની સીહા સુરતને મારી આગળથી નાબુદ કર."

સરદારનો હુકમ મળતાંજ બુઢો હમીન પરીચેહેરને પાછો તેની અસલ જગ્યાપર લઇ ગયો. આવા જુલમાતમાંથી છુટવાની પરીચેહેરે હવે તદન આશા મુકી દીધી. આવા સખત જાપતામાંથી નાસી જવાય એ પણ કેવળ અશકત હતું. વળી જે તેણીની સૌથી છેલ્લી આશા હતી તે પણ ભંગ થઇ. તે તો ફીરોઝને પણ મુએલોજ જાણુતી હતી અને તેથી હવે પોતાની જીંદગીની તેણી મુદલ દરકાર કરતી ન હતી. ફીરોઝ વનાનું જીવતર તેને મનસે ફોકટ હતું. વારેઘડીયે તે આંસુના કતરા વરસાવી પોતાનું દુઃખ વીસરાવા ચાહતી હતી, પણ તેને એક ઘડી પણ ચેન પડતું ન હતું. જે દહાડે સરદારે તેણીને પાછી પોતાની હજુર બોલાવી હતી અને પરીચેહેરે તેની માગણી પાછી ના કબુલ કીધેલી હોવાથી જ્યારે તેણીને પાછી આગળી હાલતે સીહા ગારમાં પુરવામાં આવી હતી ત્યારે તે દહાડે બપોરે પરીચેહેર ગુડણુ મડીયે પડી જારી કરતી હતી.

"અફ્સોસ, સદ હજાર અફ્સોસ. મારૂં સર્વસ્વ ગયું. મારૂં ઘરબાર ગયું, મારૂં છુટાંપણું ગયું, મારા બાપથી હું છુટી પડી અને ખાવીંદના સુખનાં છાયા તળે જઇ બેસવા મેં હીમતથી જીપલાવ્યું, તો તે બીચારો પોતાની નવ જવાન વયે આ ફાની જેહાનથી કુચ કરી ગયોછે. હવે હું કોણુને આશરે જાઉં? કયાં જાઉં? કેમ જાઉં? મારો અહીંથી છુટકોજ કેમ થશે! હવે તો જે વખત જાયછે તેમાં તે પોતાની તેજ તલવારથી મારૂં સર તનથી દુર કરી નાખશે. હું હવે મરવાને ડરતી નથી. ત્યાં પેલી બીનો જેહાનમાં બે સુખ મળશે, એક તો ત્યાં મને આવા નાપેકાર સરદારની નીચ માગણી ન સમજતાં નીરાંત રહેશે, અને બીજું મારા ભલા ફીરોઝને પાછી જઇ મળશ. હવે મારૂં જીવવું ફોકટ છે. મારા ખાવીંદના સુખનો જે મને સધ્યારો હતો તે તો તેના જાલમ જમડાએ તેનીપર ખીજી તેને પોતાની ઝહેરી ચુંગાલમાં ઉઠાવી લઇ મારી કનેથી સદાનો છીનવી લીધો છે. હવે આ સીહા ગારમાંથી કોઇ પણ રવેસે છુટકારો પામવાની મને આશાજ નથી; તો બેહેતર કે એ પાપીનાં વધુ પાપને ફાવવા ન દેતાં મારા દુઃખી જીવનો અહીંજ અંત લઇ આવું, અને આપઘાત કરી મરૂં. ઓ દાદાર મને માફી બખશજે." એમ બોલતાં પરીચેહેરે પોતાના લાંબા સુંવાળા બાલનો ગળામાં ફાંસો કીધો

અને બને છેડા પોતાના હાથમાં પકડી પોતાના જીવનો અંત લાવવા ખેંચવા જતી હતી, પણ તેવામાં કોઇ સખસે આવી તેના હાથ મજબુત પકડી લીધા. જયારે પરીચેહેર એકાએક ત્યાં કોણ આવ્યું હતું તે જોવા ધભરાટમાં પછવાડે ફરી ત્યારે તેને ત્યાં કોણને જોયો ? કોઇજ નહી પણ બુઢા હમીનને. જયારથી પરીચેહેર તે જુલમગાર સરદારના ફાંદામાં ફસી હતી ત્યારથી તેણીની હાલત જોઇ જો કોઇ ખરોજ પસેમાન થતો હોય યા કોઇનેબી જો તેણીની દુઃખી હાલતપર દયા આવતી હોય તો તે આ બુઢા હમીનનેજ હતી. એ બુઢાએ પોતાની જુવાનીમાં નીર્દોષને વગર કારણે રેંહેસી નાખવામાં કંઇ બાકી રાખ્યું ન હતું પણ હવે તેનાં પાણી ભરાઇ ચુકેલાં હોવાથી તે પોતાનાં આગળાં પાપી કતુકોનો પસતાવો કરતો હતો. એતો ધારોજ છે કે એક સખસ પોતાની જઇફીમાં આવ્યા પછી યાને મોતનો જાલમ જમ તેને પેલી જેહાન તેડી લઇ જવાનું તેડું કરવા આવે છે ત્યારે પોતાની આગળી ગુજારેલી જીંદગીનાં પાપનો પશ્ચાતાપ કરે છે અને ખુદા પાસે માફી માગે છે. તેજ માફક હમીનના બાબમાં પણ હતું. હવે તે પોતાનાં પાપની તોબેશ કરતો હતો, કારણ કે હવે જે વખત જતો તેમાં તેને મોતનો જબુન દુત પોતાનાં રાક્ષસી

જડબામાં પકડી લઇ જવાની તરાપ મારવા તૈયાર થઇ બેઠો હતો. તે ધીમે સાદે બોલવા લાગો.

"અય બાનું, એવી ભુલરાઇ ભર્યું કામ શા માટે કરે છે? તું હજી જુવાન છે, દુન્યાનું સુખ દુઃખ કશું તેં દીઠું નથી. મને તારી હાલતપર દયા ઉપજેછ. મારા જીવને જોખમે પણ હું તને આ જખુન દુઃખમાંથી છુટી કરવાને રાજી છું. તું હીમત પકડ. તારી ભંગ થયલી ઉમેદોને પાછી સજીવન કર. આજે સાંજને વખતે જયારે તમામ લુટારાઓ પોતાની લુટ મેળવવા જશે ત્યારે હું તને અહીંથી છુટી કરશ. મારી જઇફીમાં મને એવાં પાપી કર્મમાં હાથ નાખવા ગમતું નથી, અને તેટલા માટેજ હું તારી સાથે શેહેરમાં રવાના થઇશ."

"અય જઇફ મરદ, હું તારૂં હેશાન કેમ ભુલીશ? તારા ઉપકારમાં હું સદા દબાયલી રહેવશ. મારા શેહેરમાં હું તને લઇ જવશ અને તને પુષ્કળ જર જવેરાતથી નવાજશ." પરીચેહેર બુઢા હમીનના પગપર માથું મુકી બોલવા લાગી. અંતે સઘળું નક્કી થયું અને હમીન પાછો પોતાની પહોરો ભરવાની જગ્યાપર જઇ ઉભો. આખો વખત પરીચેહેરે બેચેનીમાં કાઢયો. સાંજ પડવાની તે ઇંતેજારીથી રાહ જોતી હતી. તેને પોતાના છુટકારાનો

પુરતો વીશ્વાસ ન હતો. કદાચ નાસી જતાં તેઓ પકડાઇ જાય અને સરદારની જાણમાં આવતાંજ તે વધારે સીતમ તેનીપર વરસાવે. તે તો હવે જે થવાનું હોય તે થાય, પણ એકવાર જીવને જોખમે જીપલાવ્યા વના કશો ચારો ન હતો. પછી મદદનો કરનાર તો તે મોટો સાહેબ માથે હતો.

આખા દહાડાની થાકથી આરાયસ લેવા આફતાબ પોતાનાં તમામ લસ્કર સાથે પહાડોની પછવાડે આવેલી ખીણમાં ભરાઇ ગયો. પૃથ્વીને બળાપો કરવાનું વધારે વાર સરજેલું ન હતું કારણ થોડાજવારમાં ચંદ્ર રાણી પોતાની તમામ સાહેલીઓ સાથે ચંગના અવાજ સાથે છમ છમ કરતી ત્યાં આવી લાગી, અને આખી પથ્વીને પ્રકાશીત બનાવી દીધી. લુટારાઓ લુટ મેળવવા ગયલા હોવાથી હમીન પોતાની ધારણામાં ફાવી શકયો. જેમ બને તેમ જલદી તેઓ પોતાનો રસ્તો કાપતાં હતાં. ચાંદરણી રાત હોવાથી તેઓને રસ્તો કાપવો મુશકેલ પડયો નહી. આશરે એક કલાકની મંજલ કાપ્યા પછી હમીન એક પાણીના ચશમા આગળ આવી પુગ્યો.

"ઓ બાનુ હવે આપણે લુટારાઓથી તદન સલામત છીએ, પણ રાતના આસપાસના કોઇ ખેડુતના ઘરમાં ઉતારો લીધા વના

આપણો છુટકો નથી; નહીતો જંગલી જાનવરોથી આપણે હલાક થઇશું. અહીંથી થોડેજ દુર એક ખેડુત રહે છે તે મારો ઓળખીતો છે અને ત્યાં આપણે જઇએ. પણ સબર. એ સામેથી કોણ આવેછ? તોબાહ. એ તો પેલાજ નાપેકારો છે, તેઓ ખચીત આ ચશમા આગળ પોતાની તરસ મટાડવા આવશે. મારી ખાતરી છે કે એ તેજ લોક છે. હું એ લોકની છુપી નીશાણી ઓળખુંછ. ખુદા હવે તો આપણો બચાવનાર છે." ધભરાટ વધતો ગયો અને સામેના આવનારાઓના પગલાંના અવાજ તથા ઘોડાના પગથી ઉડતી ધુળે આ બને નાસી આવેલાંઓનાં હાડ ધ્રુજાવી નાખ્યાં. તોપણ હમીન ખાંડયો જાય તેવો ન હતો. ડુબતો માણસ ફીણને વળગેછ તેમ તે છેલ્લી ઘડી સુધી કોશેશ કર્યા વગર પાછો હઠે તેવો આસામી ન હતો. પાણીના ચશમાની લગોલગ પાસેથીજ આવેલી ઝાડોની ગટા પછવાડે તેને છુપાવાનું દરસ્ત વીચાર્યું. પરીચેહેર પણ ખુદાપર આધાર રાખી તે બુઢાની પાછળ ગઇ. અને તેઓ સંકોચાઇને ત્યાં ભરાઇ બેઠાં. અંતે હમીનની આગાહી ખરી પડી, કારણ થોડાવારમાં લુટારાઓ ત્યાં આવી પુગ્યા. તેઓનો સરદાર જેના હાથમાં ઝેરી પાણી પાયલો તેજ ભાલો પકડેલો હતો તેનો બોલવાનો સાદ પરીચેહેરે ઓળખ્યો.

"અય બીરાદરો મેં મારી નજરે નજર આ ચશમા આગળ એ આકાર જોયા, અને કેવી અજાયબ જેવી વાત છે કે તમારામાંના કોઇની પણ નજર તેઓપર પડી નહી."

"ઓ સરફરાજ, અમે એવું કશું જોયું નથી. કદાચ તેમાં તમારી ભુલ હશે. નગર હોય તો અહીંથી એકાએક ગુમ કેમ થઇ જાય?" એક લુટારો બોલ્યો. તુરત એક બીજો જે જરા વેહેમી હતો તેને તાપસી પુરી.

"નામવર સરદાર, ખબાદા તમે ભુતના આકારો જોયા હશે. રાતને વખતે એમ અવારનવાર મારા પણ જોવામાં આવે છે."

અંતે સરદારે પોતાની જીદ નહી છોડવાથી સઘળાઓ આસ-પાસની ઝાડીમાં શોધ ખોળ કરવા લાગા. આ ઘડી પરીચેહેર અને હમીન માટે જીન સતોસતની હતી. તેઓ પોતાની હીલચાલ બંધ કરી ધ્રુજતાં બેસી રહ્યાં. એક સેહેજ સનસારો જો તે લોકને માલમ પડે તો તેજ વખતે તેઓ તે લુટારાઓના હાથમાં સપડાઇ જાય. અંતે જયારે કોઇને પણ શોધી કહાડવામાં તેઓ નીષ્ફળ નીવડયા ત્યારે સરદાર વધુ કાંઇ બોલ્યો નહી. સઘળાઓએ પોતાની તરસ તે નીર્મળ ચશમાના આબથી મટાડી સરદારના હુકમથી આગળ ચાલુ મુકયું. હવે પરીચેહેરને જીવ આવ્યો અને

હવેજ તેઓએ છુટકારાનો દમ ખેંચ્યો. જયારે ધાસ્તી તદન દુર થઇ યાને લુટારાઓ ઘણા દુર નીકળી ગયા ત્યારે પરીચેહેર હમીનની હીમતપર બહાર આવી. હવે વખત ન ખોતાં હમીને પોતાના ઓળખીતા ખેડુતનાં ઘરનો રસ્તો લીધો.

વાંચનાર, આ ખેડુત તેજ હતો જે ફીરોઝને પોતાને ત્યાં સારવાર કરવા લઇ ગયો હતો. પરીચેહેર તો એ વાતથી તદન અણજાણી હતી અને તે ફીરોઝને મુએલોજ જાણુતી હતી. અંતે તે ભલા ખેડુતનું ઘર આવી પુગ્યું. હમીને તેની પાસે ઉતારો માગ્યો અને તે ભલા ખેડુતે તે ખુશીથી આપવા કબુલ્યું, પણ સાથે સાથે ઉમેર્યું કે "માફ કરજો હમીન અને તમો બાનું; મારા ઘરમાં હાલ લગાર અડચણ હોવાથી તમોને પુરતી સગવડ મળી શકશે નહી. કારણ પાસેના ઓરડામાં એક જવાન દરદી છે, તે મને રસ્તામાં લોહી લોહાણ હાલતે મળી આવ્યો અને તેને હું મારી સાથે લઇ આવ્યો. તે જેટલો પોતાના જખમથી દુ:ખી છે તેના કરતાં વધારે તેને મનનું દુ:ખ છે કારણ રાત દહાડો તે પોતાની જબાનપર એક ઓરતનું નામ લેછે અને તેની જુદાઇમાં જારી કરેછે—" તે ખેડુત હજી વધુ બોલતાં એકાએક અચકી ગયો કારણ એક ચીસ સમેત પરીચેહેર તેના પગ આગળ બેશુધ હાલતે ઢુટી પડી. જેવી તેને ચાંપતા ઉપાયોથી હુશયાર કરવામાં આવી તેવીજ તેણીએ

તે ખેડુત પાસે તે દરદીનો ચેહેરો જોવાનું માગી લીધું. જે વખતે ફીરોઝ અને પરીચેહેરની નજર એક થઇ યાને જયારે તેઓએ એક બીજાને ઓળખ્યાં ત્યારે તે વખતના ત્યાંના ફેલાયલા દેખાવનો ચીતાર કયા કામેલ ચીતારાની પીછી ચીતારી શકશે ?

પ્રકરણ ૧૪ મું.

સેવટ.

દુઃખ અને આફત ને વીપતી વધન
થયાં નાબુદ. પવીત્ર પ્યારનાં લગ્ન-
થી જોડાયું સંપીલું જોડું તે સાથ
ગુજરેછ કીરતારના હુકમાં હુયા સંગાથ.

તે એક ખુશનુમાં સહવાર હતી. આખી રાતની નીંદથી ફારેગ થઇ પક્ષીઓ હવે પોતાનાં બચ્ચાંને માળામાં મુકી તેમને માટે ખોરાકની શોધમાં પાંખ ફફડાવતાં બહાર પડયાં. આજે ઇસફહાન શેહેરમાં ધામધુમ મચી રહી હતી, ત્યારે તે શાને માટે હતી? આજે શું હતું? આજે લગ્નના પવીત્ર ગાંઠથી એક જોડું સંધાવાનું હતું. આજે શીરોઝનાં પરીચેહેર સાથે લગ્ન હતાં. છેલ્લાં આપણે તેઓને જઇફ ખેડુતને ત્યાં ખેતરમાં જોયાં હતાં. ચાંપતા ઉપાયોથી શીરોઝનો જખમ રૂઝાયો હતો, અને શુભ

ઢાકણું જોઇ તેઓ તે ભલા ખેડુતને તેની મેહેનતના બદલ નવાજવા માટે ઇસફહાન લઇ આવ્યાં હતાં. જયારે શ ફીરોઝને પાછો પોતાની હજુરમાં સહીસલામત જોયો તથા તે તમામ એહેવાલથી વાકેફ થયો ત્યારે તે બેહદ ખુશી થયો. લુટારાઓએ ફીરોઝને હલાક કીધો હતો તેની શોધમાં શાહે પોતાન લસ્કરની એક ટુકડી મોકલી અને તેનું પરીણામ એ આવ્યું કે સઘળા લુટારાઓને મુસકા ટાઇટ કરી તેમના આટલાં વરસની લુટમાં મેળવેલા અસબાબ સુધાં શાહની હજુર ઉભા કીધા. તેઓનાં અનેક કર્પીણ કર્મો ધ્યાનમાં લઇ શાહે સઘળાઓને ફાંસીનો હુકમ કર્યો, પણ ફીરોઝ જે ઘણી માયાળુ લાગણી ધરાવતો હતો તેને તેઓની એ સજામાં કાંઇ ઘટાડો કરવાનુ શાહ પાસે માગ લીધું, અને શાહે તેની તે માગણી કબુલ રાખી.

પરીચેહેરનાં મા બાપપર નામુ લખી શાહે તે લોકને તેઓની બેટીનાં લગ્ન વખતે હાજર રહેવાનું ઇજન કીધું, જેને માન આપી તથા પોતાની બેટી તરફની પોતાની આગળી ભુલ ભરેલી ચાલ માટે પસતાવો કરી કેરમાન શેહેરનો હાકમ પોતાનાં કુટુંબ કબીલા સાથે ત્યાં આવી પુગ્યો હતો. પોતાની બેટી પાસે પોતાની ભુલ માટે તેને શરમીંદગીથી માફી માગી તેને આશીષ દીધા તથા ફીરોઝને ખુશીથી પોતાનો જમાઇ કરવાને કબુલ્યું.

સુદ્ધા જમીનને ઇનામ બક્ષી નવાજ્યો, તેમજ જઇફ ખેડુતને શાહે તેનાં ખેતરની જગ્યામાં ઉમેરો કરી આપ્યો. તે કીરતારની બક્ષેસથી લગનનો શુભ હીગામ ધામધુમથી પસાર થયો, અને ચેહેર પોતાના વહાલા ફીરોઝના બુલંદ છાયા તળે સુખી જીંદગી ગુજારતી રહી.

સમાપ્ત.